પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭ ● અંક : ૧૫૮ ● કુલ પાના : ૪ ● તારીખ : ૨૮-૦૨-૨૦૨૪ બુધવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

# ભારત વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનશે, આ મોદીની ગેરંટી છે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી

## મોદીએ ઈસરો અધ્યક્ષ એસ સોમનાથ સાથે વિક્રમ સારાભાઈ સ્પેસ સેન્ટરની મુલાકાત લીધી



તિરૂવનંતપુર,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કેરળની મુલાકાત દરમિયાન કોંગ્રેસ અને ડાબેરીઓ પર જોરદાર પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું કે આ લોકો કેરળમાં એકબીજાના દુશ્મન છે પરંતુ બાકીના દેશમાં તેઓ એકબીજાના બીએફએફ (બેસ્ટ ફ્રેન્ડ્સ ફોરેવર) છે. તિરુવનંતપુરમમાં એક વિશાળ જનસભાને સંબોધતા પીએમ મોદીએ કહ્યું કે આ લોકો કોંગ્રેસના ક્રાઉન પ્રિન્સને કેરળથી બહાર રહેવાની સલાહ આપી રહ્યા છે, પરંતુ કેરળની બહાર તેઓ સાથે બેસીને ચા અને સમોસા ખાય છે. દિલ્હીમાં કંઈક અને કેરળમાં કંઈક બીજું કેરળના લોકો આગામી ચૂંટણીમાં તેનો જવાબ આપવાના છે.

પીએમ મોદીએ કહ્યું કે ૨૦૧૯માં કેરળમાં ભાજપને લઈને જે આશા જાગી હતી તે ૨૦૨૪માં વિશ્વાસમાં બદલાઈ રહી છે. ૨૦૧૯માં કેરળમાં ભાજપને ડબલ ડિજિટમાં વોટ આપવામાં આવ્યો હતો, ૨૦૨૪માં કેરળે બે આંકડામાં સીટો આપવાનું મન બનાવી લીધું છે. તેમણે કહ્યું કે કેરળ ભવિષ્યમાં જીવતું રાજ્ય છે. કેરળમાં શું થવાનું છે તે કોઈનાથી છુપાયેલું નથી. બધા કહી રહ્યા છે કે ૨૦૨૪માં તે ૪૦૦ને પાર કરી જશે.

પીએમ મોદીએ કહ્યું કે આજે દેશમાં દરેક જગ્યાએ મોદીના ત્રીજા કાર્યકાળની ચર્ચા છે. પીએમ મોદીએ કહ્યું કે ભારત વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનશે, આ મોદીની ગેરંટી છે. ભ્રષ્ટાચાર સામેની લડાઈ વધુ ઉગ્ર બનશે. ભ્રષ્ટ લોકો ખોટું કામ કરતા પહેલા ૧૦૦ વાર વિચારશે. પ્રધાનમંત્રીએ કહ્યું કે રાજ્ય સરકારના સતત અસહકાર છતાં કેરળ ભારત સરકારની પ્રાથમિકતા રહી છે. ભારત સરકારે પોતે નિર્ણય લીધો છે કે કેન્દ્ર સરકારની તમામ નોકરીઓ માટેની પરીક્ષાઓ મલયાલમ સહિત તમામ સ્થાનિક ભાષાઓમાં લેવામાં આવે.

પીએમ મોદીએ કહ્યું કે વિપક્ષને ખાતરી છે કે તે ૨૦૨૪ની લોકસભા ચૂંટણી જીતી શકશે નહીં, તેથી તેની રણનીતિ મોદીને ગાળો આપવાની છે. પીએમ મોદીએ કહ્યું કોંગ્રેસ અને સામ્યવાદી સાથે ગઠબંધનનો ટ્રેક રેકોર્ડ શું છે? તેમનો પરિવાર દેશના કરોડ પરિવારોથી ઉપર રહ્યો છે. કેરળમાં તેઓ કોંગ્રેસના દુશ્મન છે પરંતુ કેરળની બહાર તેઓ મ્હહ્ર છે.

પીએમ મોદીએ કહ્યું કે ભાજપે ક્યારેય કેરળ કે દેશના અન્ય કોઈ રાજ્યને વોટના પ્રિઝમથી જોયુ નથી. જ્યારે ભાજપ અહીં નબળું હતું ત્યારે પણ અમે કેરળને મજબૂત કરવાનું કામ કર્યું હતું. અખાતી દેશોમાં રહેતા મિત્રોએ તાજેતરમાં અનુભવ્યું છે કે ભૂતકાળના ભારત અને આજના ભારત વચ્ચે કેટલો તફાવત છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે ૨૦૧૯માં દેશ 'ફિર એક બાર મોદી સરકાર'નો નારો આપી રહ્યો હતો, ૨૦૨૪માં બધા કહે છે કે 'આ વખતે ૪૦૦ પાર કરીશું'.

આ પહેલા પીએમ મોદીએ વિક્રમ સારાભાઈ સ્પેસ સેન્ટર ખાતે ગગનયાન મિશનની પ્રગતિની સમીક્ષા કરી હતી. આ સાથે એસ્ટ્રોનોટ ગ્રુપ કેપ્ટન પ્રશાંત નાયર, ગ્રુપ કેપ્ટન અજિત કૃષ્ણન, ગ્રુપ કેપ્ટન અંગદ પ્રતાપ અને વિંગ કમાન્ડર શુભાંશુ શુક્લાને એસ્ટ્રોનોટ વિંગ આપવામાં આવી હતી. આ દરમિયાન વડાપ્રધાને કહ્યું કે ૨૦૩૫ સુધીમાં ભારતનું અંતરિક્ષમાં પોતાનું સ્પેસ સ્ટેશન હશે, જે આપણને અવકાશના અજાણ્યા વિસ્તરણને જાણવામાં મદદ કરશે. આ અમૃતકાલમાં એક ભારતીય અવકાશયાત્રી ભારતના પોતાના રોકેટ સાથે ચંદ્રની સપાટી પર ઉતરશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએવિક્રમ સારાભાઈ સ્પેસ સેન્ટરની મુલાકાત લીધી. આ પ્રસંગે મુખ્યમંત્રી પિનરાઈ વિજયન, રાજ્ય મંત્રી મુરલીધરન અને ઈસરોના અધ્યક્ષ એસ સોમનાથ પણ હાજર હતા.મોદીએ અવકાશ ક્ષેત્રને પ્રોત્સાહન આપવા માટે ત્રણ મહત્વપૂર્ણ પ્રોજેક્ટનું ઉદ્દ્ઘાટન કર્યું. આ પ્રોજેક્ટ્સ છે સતીશ ધવન સ્પેસ સેન્ટર શ્રીહરિકોટા ખાતે પીએસએલવી એકીકરણ સુવિધા, મહેન્દ્રગિરિ ખાતે ઈસરો પ્રોપલ્શન કોમ્પ્લેક્સમાં નવી 'સેમી-ક્રાયોજેનિક્સ ઈન્ટિગ્રેટેડ એન્જિન અને સ્ટેજ ટેસ્ટ ફેસિલિટી' અને વીએસએસસી તિરુવનંતપુરમ ખાતે 'ટ્રિસોનિક વિન્ડ ટનલ'. તેને તૈયાર કરવા માટે લગભગ ૧૮૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ થયો છે.

વડાપ્રધાને ગગનયાન મિશન દ્વારા અવકાશમાં મોકલવામાં આવનાર અવકાશયાત્રીઓના નામની જાહેરાત કરી. આ અવકાશયાત્રીઓ છે પ્રશાંત બાલકૃષ્ણન નાયર, અજીત કૃષ્ણન, અંગદ પ્રતાપ અને શુભાંશુ શુક્લા. વડાપ્રધાને અવકાશયાત્રીઓને સ્પેસ વિંગ આપી. તમને જણાવી દઈએ કે, ગગનયાન મિશન એ ભારતનો પહેલો માનવ અવકાશ ઉડાન કાર્યક્રમ છે,

# મહારાષ્ટ્રમાં કોંગ્રેસને વધુ એક ઝટકો, પૂર્વ મંત્રી બસવરાજ પાટીલે રાજીનામું આપ્યું

મુંબઈ,

લોકસભા ચૂંટણીની જાહેરાત પહેલા મહારાષ્ટ્રમાં કોંગ્રેસને વધુ એક મોટો ઝટકો લાગ્યો છે. પૂર્વ મુખ્યમંત્રી અશોક ચવ્હાણ બાદ પૂર્વ મંત્રી બસવરાજ પાટીલે પાર્ટીમાંથી રાજીનામું આપી દીધું છે. તેઓ કોંગ્રેસના પ્રદેશ કાર્યકારી અધ્યક્ષ પણ હતા. મળતી માહિતી મુજબ તેઓ મંગળવારે ભાજપમાં જોડાઈ શકે છે. બસવરાજ પાટીલ મરાઠવાડા ક્ષેત્રમાં મોટા નેતા તરીકે ઓળખાય છે.

છેલ્લા કેટલાક દિવસોમાં મહારાષ્ટ્ર કોંગ્રેસના ઘણા વરિષ્ઠ નેતાઓએ પાર્ટી છોડી દીધી છે. જેમાં અશોક ચવ્હાણ, મિલિંદ દેવરા, બાબા સિદ્દીકીનો સમાવેશ થાય છે. અશોક ચવ્હાણ ભાજપમાં જોડાયા છે. મિલિંદ દેવરા મુખ્યમંત્રી એકનાથ શિંદેની પાર્ટી શિવસેનામાં જોડાઈ ગયા છે. આ બંને નેતાઓને રાજ્યસભાની ચૂંટણી માટે નામાંકિત કરવામાં આવ્યા છે. તેમનું રાજ્યસભાનું સભ્યપદ લગભગ નિશ્ચિત છે. બીજી તરફ બાબા સિદ્દીકી નાયબ મુખ્યમંત્રી અજિત પવારના નેતૃત્વમાં એનસીપીમાં જોડાઈ ગયા છે.

બસવરાજ પાટીલ ધારાશિવ જિલ્લાના ઉમરગા તાલુકાના મુરુમના રહેવાસી છે. તેઓ ૧૯૯૯ની વિધાનસભા ચૂંટણીમાં પ્રથમ વખત ચૂંટાયા હતા. તે સમયે પક્ષમાં તેમનું સારું સ્થાન હતું. એટલા માટે તેમને તે સમયે મંત્રી બનવાની તક મળી હતી. બસવરાજ પાટીલ ૧૯૯૯ થી ૨૦૦૪ સુધી મહારાષ્ટ્રના ગ્રામીણ વિકાસ મંત્રી હતા.પરંતુ ૨૦૦૪ની ચૂંટણીમાં તેઓ હારી ગયા હતા. તેઓ પ્રથમ વખત ઉમરગા વિધાનસભામાંથી જીત્યા હતા. પરંતુ બાદમાં આ મતવિસ્તાર અનામત રાખવામાં આવ્યો હતો. તેથી, પાર્ટીએ તેમને ૨૦૦૯ની ચૂંટણીમાં ઔસા મતવિસ્તારમાંથી ઉમેદવાર બનાવ્યા. તેઓ આ ચૂંટણી જીત્યા હતા. તેમણે મોદી લહેર દરમિયાન તેમની આગામી પાંચ વર્ષની ચૂંટણી એટલે કે ૨૦૧૪ની વિધાનસભા ચૂંટણી પણ જીતી હતી. પરંતુ ૨૦૧૯ની વિધાનસભા ચૂંટણીમાં તેમનો પરાજય થયો હતો. આ પછી પાર્ટીએ તેમને પ્રદેશ કાર્યકારી અધ્યક્ષની તક આપી.

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબત વિભાગ દ્વારા
ટેકાના ભાવે ઘઉં, મકાઈ, બાજરી, જુવાર
જેવા ધાન્ય પાકોની ખેડૂતો પાસેથી સીધી ખરીદી





રજિસ્ટ્રેશનનો સમયગાળો તા.૨૭ ફેબ્રુઆરી થી ૩૧ માર્ચ ૨૦૨૪ સુધી
ગ્રામ્ય કક્ષાએ ઈ-ધરા કેન્દ્રો ખાતે V.C.E મારફત રજિસ્ટ્રેશન
ટેકાના ભાવે ખરીદીનો સમયગાળો તા.૧૫ માર્ચ થી ૩૧ મે ૨૦૨૪ સુધી

રાજ્ય સરકાર દ્વારા બાજરી તથા જુવાર ટેકાના ભાવ પર જાહેર કરાયેલ ₹ ૩૦૦ નું બોનસ

| ક્રમ | જણસીનું નામ | ટેકાનો ભાવ ₹ (પ્રતિ ક્વિન્ટલ) | ટેકાના ભાવ ₹ (પ્રતિ મણ) | બોનસ ₹(પ્રતિ ક્વિન્ટલ) | ખરીદીનો કુલ ભાવ ₹(પ્રતિ ક્વિન્ટલ) |
|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬=૩+૫) |
| ૧. | ઘઉં | ૨૨૭૫ | ૪૫૫ | ------- | ૨૨૭૫ |
| ૨. | મકાઈ | ૨૦૯૦ | ૪૧૮ | -------- | ૨૦૯૦ |
| ૩. | બાજરી | ૨૫૦૦ | ૫૦૦ | ૩૦૦ | ૨૮૦૦ |
| ૪. | જુવાર (હાઈબ્રિડ) | ૩૧૮૦ | ૬૩૬ | ૩૦૦ | ૩૪૮૦ |
| ૫. | જુવાર (માલદંડી) | ૩૨૨૫ | ૬૪૫ | ૩૦૦ | ૩૫૨૫ |

ખેડૂતોએ નોંધણી માટે નીચે મુજબના જરૂરી આધાર પુરાવા રજૂ કરવાના રહેશે

(૧) આધાર કાર્ડની નકલ
(૨) ગામ નમૂના ૭-૧૨ તથા ૮-અ ની તાજેતરની નકલ
(૩) ગામ નમૂના ૧૨ માં પાક વાવણી અંગેની નોંધ ન થઈ હોય તો, પાકની વાવણી અંગેનો તલાટીના સહી સિક્કા સાથેનો અધતન દાખલો
(૪) ખાતેદારના બેંક પાસબુકના પ્રથમ પાનાની નકલ અથવા કેન્સલ કરેલા ચેકની નકલ

નોંધણી તથા ખરીદી સમયે ધ્યાને લેવા પાત્ર બાબતો

ખેડૂતોએ નોંધણી માટે V.C.E ને કે ગોડાઉન કક્ષાએ કોઈ પણ રકમ ચૂકવવાની રહેતી નથી, જેની ખાસ નોંધ લેવા વિનંતી છે.

ખરીદી સમયે ખેડૂતોએ જથ્થો સાફ-સૂફ કરી, ખુલ્લામાં યોગ્ય રીતે સૂકવીને લાવવાનો રહેશે

ખરીદી સમયે ખેડૂતે પોતાનું આધારકાર્ડ/ઓળખપત્ર સાથે રાખવાનું રહેશે, ખેડૂત ખાતેદારના બાયોમેટ્રિક ઓથેન્ટિકેશન દ્વારા જ જથ્થો ખરીદ કરવામાં આવશે, જેની નોંધ લેશો

ખેડૂત ખાતેદારોને D.B.T મારફતે સીધા તેઓના રજિસ્ટર્ડ બેન્ક ખાતામાં નાણાં જમા કરવામાં આવશે -શ્રી કુંવરજીભાઈ બાવળીયા, માનનીય મંત્રી

હેલ્પલાઈન નંબર: ૮૫૧૧૧૭૧૭૧૮, ૮૫૧૧૧૭૧૭૧૯ ઉપર સંપર્ક કરવાનો રહેશે

# જ્ઞાનવાપી કેસઃ જ્ઞાનવાપી કેસમાં મુસ્લિમ પક્ષે અલ્હાબાદ હાઈકોર્ટના નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો

અલ્હાબાદ,

જ્ઞાનવાપી કેસમાં મુસ્લિમ પક્ષો અલ્હાબાદ હાઈકોર્ટના નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો છે, જેમાં માલિકીની માંગ કરતી મુસ્લિમ પક્ષની પાંચેય અરજીઓ ફગાવી દેવામાં આવી હતી. આ સાથે જ્ઞાનવાપીની અંદર પૂજા કરવાની હિંદુ પક્ષની અરજીને પડકારતી અરજીઓ પણ ફગાવી દેવામાં આવી હતી. આ અરજીઓ સુન્ની સેન્ટ્રલ વકફ બોર્ડ અને અંજુમન એરેન્જમેન્ટ્સ મસ્જિદ કમિટી દ્વારા હાઈકોર્ટમાં માલિકી અંગે દાખલ કરવામાં આવી હતી.

મુસ્લિમ પક્ષે ૧૯ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ અલાહાબાદ હાઈકોર્ટના આદેશને પડકાર્યો હતો, જે અંતર્ગત ૧૯૯૧ના હિંદુ પક્ષ દ્વારા જ્ઞાનવૃપના કબજાની માંગણી કરીને દાખલ કરવામાં આવેલા કેસમાં કાર્યવાહી પૂર્ણ કરવા માટે ૬ મહિનાની સમય મર્યાદા નક્કી કરવામાં આવી છે. મુસ્લિમ પક્ષે કહ્યું છે કે પ્લેસિસ ઓફ વર્શીપ એક્ટ-૧૯૯૧માં હાઈકોર્ટની દખલ ખોટી છે.

હાઈકોર્ટે પોતાના નિર્ણયમાં કહ્યું છે કે, પ્લેસિસ ઓફ વર્શીપ એક્ટ-૧૯૯૧માં ધાર્મિક પાત્રને સ્પષ્ટ કરવામાં આવ્યું નથી. આવી સ્થિતિમાં આ નિર્ણય લેવા માટે માત્ર કોર્ટ જ સક્ષમ સત્તા છે. હાઈકોર્ટે ૧૯૯૧માં હિન્દુ ઉપાસકો દ્વારા દાખલ કરાયેલી અને વારાણસી ડિસ્ટ્રિક્ટ કોર્ટ સમક્ષ પેન્ડિંગ કરાયેલી સિવિલ સુટની જાળવણી સામેની બે અરજીઓ ફગાવી દીધી હતી. આ સાથે એએસઆઈ સર્વે ઓર્ડર ૨૦૨૧ વિરુદ્ધ ત્રણ અરજીઓ ફગાવી દેવામાં આવી હતી.

મુસ્લિમ પક્ષે કહ્યું કે, પૂજા સ્થળ અધિનિયમ-૧૯૯૧ ધાર્મિક પાત્રને વ્યાખ્યાયિત કરતું નથી. હાઈકોર્ટના આ નિષ્કર્ષ પર, મુસ્લિમ પક્ષે અરજીમાં કહ્યું છે કે આ પ્રકારના પ્રશ્નનો ટ્રાયલમાં પ્રારંભિક મુદ્દા તરીકે નિર્ણય લઈ શકાય નહીં અને પુરાવાના આધારે નિર્ણય લેવાની જરૂર રહેશે. અરજીમાં કહેવામાં આવ્યું છે કે હાઈકોર્ટનું નિષ્કર્ષ કે ૧૯૯૧નો કાયદો તેને તેના સંપૂર્ણ ધાર્મિક પાત્ર પર પુનર્વિચાર કરતા અટકાવતો નથી. સાવ ખોટું.

તમને જણાવી દઈએ કે વ્યાસ જીના ભોંયરામાં પૂજાની પરવાનગી વિરુદ્ધ મસ્જિદ સમિતિની અરજી પર સુપ્રીમ કોર્ટે તાત્કાલિક સુનાવણી કરવાનો ઈનકાર કર્યા પછી, અલ્હાબાદ હાઈકોર્ટમાં અપીલ દાખલ કરવામાં આવી હતી. મસ્જિદ સમિતિની દલીલ એવી હતી કે વ્યાસજીનું ભોંયરું, મસ્જિદ સંકુલનો એક ભાગ હોવાથી, તેમના કબજામાં હતું અને વ્યાસ પરિવાર અથવા અન્ય કોઈને ભોંયરામાં અંદર પૂજા કરવાનો કોઈ અધિકાર નથી.

તમને જણાવી દઈએ કે અલ્હાબાદ હાઈકોર્ટે સોમવારે જ્ઞાનવાપી કેસમાં મોટો નિર્ણય સંભળાવ્યો હતો. હાઈકોર્ટનો આ નિર્ણય મુસ્લિમ પક્ષ માટે મોટો ફટકો હતો. સોમવારે હાઈકોર્ટે વ્યાસ જીના ભોંયરામાં પૂજા પર પ્રતિબંધ મૂકવાનો ઈક્રાર કરી દીધો હતો. જસ્ટિસ રોહિત રંજન અગ્રવાલે કહ્યું કે જ્ઞાનવાપીના વ્યાસજી ભોંયરામાં પૂજા ચાલુ રહેશે. આ સાથે જ અલ્હાબાદ કોર્ટે પૂજા રોકવા અંગે મુસ્લિમ પક્ષની અરજી ફગાવી દીધી હતી. હાઈકોર્ટે કહ્યું કે વ્યાસજીના ભોંયરામાં પૂજા શરૂ થઈ ચૂકી છે અને ચાલુ છે, તેથી તેને રોકવાનું કોઈ કારણ નથી.હિન્દુ પક્ષનો દાવો છે કે વર્ષ ૧૯૯૩ સુધી વ્યાસ પરિવાર ભોંયરામાં પૂજા કરતો હતો. આ પછી રાજ્ય સરકારે તેના પર પ્રતિબંધ મૂક્યો હતો. તમને જણાવી દઈએ કે અલ્હાબાદ હાઈકોર્ટે પણ પોતાના નિર્ણયમાં કહ્યું કે ૩૧ વર્ષ પહેલા ઉત્તર પ્રદેશ સરકાર દ્વારા જ્ઞાનવાપીમાં પૂજા પર પ્રતિબંધ મૂકવો એ ખોટું પગલું હતું. ૩૧ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ, વારાણસીના જિલ્લા ન્યાયાધીશે હિન્દુ પક્ષને જ્ઞાનવાપી મસ્જિદના વ્યાસજી ભોંયરામાં અંદર પૂજા કરવાનો અધિકાર આપ્યો હતો.

# ઈડીએ ઉત્તરાખંડના પૂર્વ મંત્રી હરક સિંહ રાવતને સમન્સ પાઠવ્યું, પુત્રવધૂની પણ પૂછપરછ થશે

### વન વિભાગની જમીન પર ગેરકાયદે કબજો અને વૃક્ષો કાપવાના કેસમાં ઈડીએ હરક સિંહ રાવતને સમન્સ જારી કર્યા છે.

દહેરાદુન,

ઉત્તરાખંડના પૂર્વ વન મંત્રી હરક સિંહ રાવતની મુશ્કેલીઓ વધી શકે છે. પૂર્વ મંત્રી સામે ઈડીએ સકંજો કસ્યો છે. ઈડીએ તેમને સમન્સ જારી કરીને પૂછપરછ માટે બોલાવ્યા છે. ઈડીએ હરક સિંહ રાવત તેમજ તેમની પુત્રવધૂને સમન્સ મોકલ્યા છે. વન વિભાગની જમીન પર ગેરકાયદે કબજો અને વૃક્ષો કાપવાના કેસમાં ઈડીએ હરક સિંહ રાવતને સમન્સ જારી કર્યા છે. ઈડીએ ૨૯ ફેબ્રુઆરીએ હરક સિંહ રાવતને પૂછપરછ માટે બોલાવ્યા છે. દરમિયાન, ઈડીએ ૭ માર્ચે હરક સિંહ રાવતની પુત્રવધૂને પૂછપરછ માટે બોલાવ્યા છે. ઈડીએ પીએમએલએ હેઠળ હરક સિંહ રાવતને સમન્સ જારી કર્યા છે.

ઉત્તરાખંડના પૂર્વ મંત્રી વિરુદ્ધ નોંધાયેલ આ કેસ તે સમયનો છે જ્યારે તેઓ રાજ્યમાં વન મંત્રી હતા. તાજેતરમાં, ૭ ફેબ્રુઆરીએ, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે હરક સિંહ રાવત અને અન્ય ઘણા આરોપીઓના કુલ ૧૬ સ્થળોએ સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. જેમાં ચંદીગઢ અને પંચકુલા ઉપરાંત દિલ્હી, ઉત્તરાખંડનો સમાવેશ થાય છે.વર્ષ ૨૦૧૯ અને ૨૦ દરમિયાન, પઠારોમાં ટાઈગર સફારીના નિર્માણ માટે લગભગ ૧૦૦ હેક્ટર જંગલની જમીન પર વિકાસ કાર્ય શરૂ કરવામાં આવ્યું હતું. તે દરમિયાન ૧૫૦ થી વધુ વૃક્ષો કાપવામાં આવ્યા હોવાનું જણાવવામાં આવ્યું હતું, પરંતુ તપાસમાં બહાર આવ્યું છે કે આના કરતા વધુ વૃક્ષો કાપવામાં આવ્યા છે. બાદમાં આ કેસમાં ફોરેસ્ટ સર્વે ઓફ ઈન્ડિયાએ સમગ્ર વિસ્તારનું સેટેલાઈટ ઈન્સ્પેક્શન હાથ ધર્યું હતું અને પુરાવા એકત્ર કરવામાં આવ્યા હતા. એનજીટીના રિપોર્ટના આધારે તેમાં તત્કાલીન વન મંત્રી હરક સિંહ રાવતનું નામ સામે આવ્યું હતું.

તે રિપોર્ટમાં હરક સિંહ રાવતની ભૂમિકાનો વિગતવાર ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. અહેવાલમાં વન વિભાગના આઠ વરિષ્ઠ અધિકારીઓનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. આ મામલામાં ઉત્તરાખંડ વન વિભાગે કોર્બેટમાં તૈનાત ઘણા અધિકારીઓને સસ્પેન્ડ પણ કર્યા હતા.

# બલિયામાં માર્ગ અકસ્માતમાં ૬ લોકોના મોત, અનેક ઘાયલ થયા

બલિયા

ઉત્તર પ્રદેશના બલિયામા થયેલા ભયંકર દુર્ઘટનામાં ૬ લોકોની મોત થઈ ગઈ. હલ્દી વિસ્તારમાં સુઘર છપરા વળાંક પર એક બેકાબૂ પિકઅપ બે કમાંડર જીપને ટક્કર મારી. આ દુર્ઘટનામાં ૬ લોકોની સ્થળે જ મોત થઈ ગઈ. જ્યારે આ દુર્ઘટનામાં દર્જનો ગંભેર લોકો ઈજાગ્રસ્ત થયા છે.

જણાવવામાં આવી રહ્યુ છે કે દોકટી પોલીસ વિસ્તારમા ભગવાનપુર નિવાસી ધનપત ગુપ્તાના ઘરથી ખેજુરી ખેજુરી પોલીસ સ્ટેશન વિસ્તારના માસુમપુર ગામમાં તિલકોત્સવમાં ગયા હતા. તિલકોત્સવમાં હાજરી આપીને લોકો કમાન્ડર જીપમાં ગામ પરત ફરી રહ્યા હતા. રાત્રે લગભગ ૨ વાગ્યે, જીપ બૈરિયા પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના દુબેછાપરા-સુગર છાપરા વચ્ચે સ્થિત અંધ મોર પાસે પહોંચી હતી, જ્યારે તેને ટામેટાંથી ભરેલા એક ઝડપી પીકઅપ દ્વારા ટક્કર મારી હતી.

મૃતકનું નામ ૧. અજય પ્રતાપ ગુપ્તાના પુત્ર અમિત કુમાર ગુપ્તા, ઉંમર આશરે ૪૬ વર્ષ, ભગવાનપુર નિવાસી.

૨. રણજીત શર્મા, વીરેન્દ્ર શર્માનો પુત્ર, ઉંમર આશરે ૩૨ વર્ષ.

૩. યશ ગુપ્તા, મુન્નાના પુત્ર, આશરે ૦૯ વર્ષ, રહેવાસી, સલેમપુર મઠિયા પોલીસ સ્ટેશન, બંસડીહ રોડ, જિલ્લો બલિયા.

૪. રાજ ગુપ્તા, મુન્ના ગુપ્તાનો પુત્ર, ઉંમર આશરે ૧૧ વર્ષ, રહેવાસી સલેમપુર મઠિયા પોલીસ સ્ટેશન, બાંસડીહ રોડ, જિલ્લો બલિયા.

૫. ધનપત ગુપ્તાના પુત્ર રાજેન્દ્ર ગુપ્તા, ઉંમર આશરે ૫૦ વર્ષ, ભગવાનપુર નિવાસી.

૬. અજાણ ઉંમર.૪૫ વર્ષની આસપાસની છે.

# મહિસાગર, ખેડા આવૃત્તિ

લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા, નડીયાદ, કપડવંજ, કઠલાલ, ઠાસરા, માતર

પંચમહાલ સમાચાર


## મહિસાગર જિલ્લામાં બરોડા ગ્રામિણ સ્વરોજગાર તાલીમ સંસ્થા બેરોજગાર માટે આત્મનિર્ભરતા સાર્થક કરી

મહિસાગર,

મહીસાગર જિલ્લામાં બરોડા ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થા રોજગારવાંછુઓ માટે બની રહી છે આશીર્વાદરૂપ

તાલીમાર્થી અમિષા ભાટિયાએ પોતાનું બ્યુટી પાર્લર શરુ કરી સ્વરોજગારનું સપનું કર્યું પૂર્ણ

ભારત સરકારના ગ્રામીણ વિકાસ મંત્રાલય અને રાજ્ય સરકારનાં સહયોગથી બેંક ઓફ બરોડા સંચાલિત બરોડા ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થા મહીસાગર જિલ્લામાં અનેક પ્રકારની રોજગારલક્ષી તાલીમ પૂરી પાડી રોજગારવાંછુઓ માટે આત્મનિર્ભરતાના નવા દ્વાર ખોલી રહી છે. આ સંસ્થા દ્વારા ગ્રામ્ય કક્ષાએ લોકોને જાગૃત કરી માંગ આધારિત તાલીમ માટેના કાર્યક્રમોનું આયોજન કરી ઉમેદવારની યોગ્યતા અને મૂલ્યાંકન બાદ જે તે ક્ષેત્રમાં તાલીમ આપી સ્વરોજગાર માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે.મહીસાગર આરસેટી દ્વારા ૩૦ દિવસની બ્યુટી પાર્લરની તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમમાં બ્યુટી પાર્લર કોર્સની સફળતાપૂર્વક તાલીમ લેનાર અમિષા ભાટિયાએ ખાનપુર તાલુકાના પાંડરવાડા ખાતે પોતાના બ્યુટી પાર્લરના શુભારંભ પ્રસંગે મહીસાગર આરસેટી અને સરકારનો આભાર વ્યક્ત કરતા જણાવ્યું હતું કે સરકારની આ તાલીમથી મારું પોતાના વ્યવસાયનું સપનું પૂર્ણ થયું છે.આ પ્રસંગે ઉપસ્થિત બરોડા સ્વરોજગાર વિકાસ સંસ્થાનના નિયામક વિશાલ અગ્રવાલે પોતાની સંસ્થાના તાલીમાર્થી જયારે રોજગારી મેળવવાની દિશામાં આગળ વધે છે ત્યારે ખૂબ ખુશી અનુભવાય છે તેમ જણાવી બ્યુટી પાર્લરની તાલીમાર્થીને શુભેચ્છાઓ પાઠવી હતી. તેમણે રોજગારવાંછુઓને આ વર્ષ ૨૦૨૪માં મહીસાગર આરસેટી દ્વારા ટૂંકાગાળાની એલએમવી માલિક ડ્રાઈવર, ટુ વ્હીલર મિકેનિક, સેલફોન રીપેરીંગ એન્ડ સર્વીસીસ, સીસીટીવી કેમેરા સિક્યોરીટી એલાર્મ સ્મોક ડીટેકટરનું ઈન્સ્ટોલેશન અને સર્વીસીસ, રેફ્રીજેશન અને એર કંડીશનીંગ, સીવણ, કોમ્પ્યુટર, કૃષિ, પશુપાલન, હસ્તકલાની અનેકવિધ તાલીમો યોજાનાર છે. સંસ્થા દ્વારા બેરોજગારોને નિઃશુલ્ક તાલીમ રહેવા જમવાની સુવિધા આપે છે તો આગામી તાલીમ કાર્યક્રમોમાં જોડાવા માટે સંસ્થાનો સંપર્ક કરવા અપીલ કરી હતી. વધુમાં તેમણે આ પ્રસંગે ઉપસ્થિત બેન્ક ઓફ બરોડાના મેનેજરને આત્મનિર્ભરતાની તરફ કદમ ભરનાર તાલીમાર્થીને તેના સ્વરોજગાર માટે જરૂરીયાત મુજબ બેંકમાથી ધિરાણ માટે પૂર્ણ સહયોગનો અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે બ્યુટી પાર્લર કોર્સની ટ્રેનર, ફેકલ્ટી તેમજ સહતાલીમાર્થીઓ ઉપસ્થિત રહી પ્રોત્સાહન પૂરું પાડ્યું હત

## સંતરામપુર તાલુકામાં ૧૦૮ માં ફરજ બજાવતા પાયલોટ ની પ્રશંસનીય કામગીરી

સંતરામપુર,

સંતરામપુર તાલુકામાં ૧૦૮ માં ફરજ બજાવતા પાયલોટ ની પ્રશંસનીય કામગીરી જોવા મળી આવી : એક મહીલા એ એસટી બસ માં જ ગણતરી ના સમય માં જ બાળક નો જન્મ આપ્યો.

સંતરામપુર તાલુકામાં ૧૦૮ માં ફરજ બજાવતા પાયલોટ તથા ની પ્રશંસનીય કામગીરી જોવા મળી આવી હતી જેમાં આજરોજ ૨૭ ફેબ્રુઆરી ૨૦૨૪ ના રોજ વ્હેલી સવારે સંતરામપુર તાલુકાના ગોધર ગામેથી એક વ્યકિત દ્વારા ૧૦૮ ને ફોન આવતા જણાવેલ હતું કે સાહેબ ગોધર ગામે અમદાવાદ થી ઝાલોદ બસ માં એક મહિલા મુસાફરને પ્રસુતિ નો દુઃખાવો ઉપડેલ છે. જેથી આપ તાત્કાલિક આ મહિલા ની સારવાર માટે અહિયાં ગોધર ગામે આવો જેથી સંતરામપુર તાલુકાના ૧૦૮ માં ફરજ બજાવતા પાયલોટ તથા ઊખઝ તાત્કાલિક સ્થળ પર પહોંચીગયા હતા. જેમાં આ બાબતે આ પ્રસુતિ મહીલા ને પ્રસુતિ નો દુઃખાવો વધુ ઉપડતા ૧૦૮ માં ફરજ બજાવતા પાયલોટ મહિપાલસિંહ પુંવાર તથા તેમની સાથે ઊખઝ રાકેશભાઈ રાવલ ને ઘટના સ્થળે સારવાર કરવાની ફરજ પડી હતી. જેઓએ બસમાં મુસાફરી કરી રહેલ જમનાબેન આમલિયાર નામની આ બહેન ની સારવાર કરતાં આ બહેને ને ગુજરાત એસ.ટી. બસ માં જ ગણતરી ના સમય માં જ એક બાળક નો જન્મ આપ્યો હતો જેથી બસમાં મુસાફરી કરી રહેલ મુસાફરો તથા ડ્રાઈવર અને કંડકટર તથા આ બહેન એ અને તેમના પતિ એ ૧૦૮ ના પાયલોટ મહિપાલસિંહ પુંવાર તથા ઊખઝ રાકેશભાઈ રાવલ નો તથા સરકાર શ્રી નો દીલથી ખુબ-ખુબ આભાર વ્યક્ત કર્યો હતો.

## સંતરામપુર ભંડારા ખાતે લગ્નપ્રસંગમાં શિક્ષણમંત્રી હાજર રહ્યા

સંતરામપુર,

આજ રોજ કેબિનેટ આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રી શ્રી પ્રો. ડો. કુબેરભાઈ ડિંડોર સાહેબે સંતરામપુર નગર ખાતે અમરદીપ સોસાયટીમાં ભંડારા ના વતની તાવિયાડ છગનભાઈ ચુનાભાઈ ઉર્ફે (સી.સી.તાવિયાડ) ના નિવાસસ્થાને આયોજિત તેમના સુપુત્રના શુભ લગ્નપ્રસંગે હાજરી આપી નવતર જીવનમાં પગલાં પાડી રહેલ ચિ.આશિષકુમાર અને ચિ.પ્રિયલકુમારી ને સુખી અને સમૃદ્ધ લગ્નજીવનના આશીર્વાદ અને અભિનંદન પાઠવ્યાપ્રસંગે સાથે તાલુકા પંચાયત ના પ્રમુખશ્રી હરેશભાઈ વળવાઈ, નગર પ્રમુખશ્રી, સંદીપભાઈ ભોઈ, ભંડારા ના સરપંચશ્રી ભલાભાઈ,નગરપાલિકાના ચીફ ઓફિસર શ્રી દીપસિંહ હટીલા, બિપીનભાઈ પટેલ,સહીત સમાજ ના આગેવાનો ઉપસ્થિત હતા

## મહીસાગર જિલ્લા પંચાયત ભવન ખાતે આયુષ મોબાઈલ મેડિકલ યુનિટ- આયુષ રથને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું



મલેકપુર,

આયુષ મંત્રાલય દ્વારા સ્વસ્થ, સમૃદ્ધ અને વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા માટે નેશનલ આયુષ મિશન હેઠળ આયુષ મોબાઈલ મેડિકલ યુનિટ-આયુષ રથનું ઉદ્દઘાટન આજ રોજ જિલ્લા પંચાયત ભવન લુણાવાડા ખાતે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી બાબુભાઇ પટેલ અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી ચંદ્રકાંત પટેલની ઉપસ્થિતિમાં લીલી ઝંડી આપી વાનને પ્રસ્થાન કરાવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી બાબુભાઇ પટેલે જણાવ્યું હતું કે, આ આયુષ રથ થકી મહીસાગર જિલ્લાના અંતરિયાળ ગામોમાં આયુષની સેવાઓ મળી રહશે તથા આયુર્વેદ તથા હોમીયોપેથી દવાઓ છેવાડાના ગામમાં લોકોને મળી રહે તે માટે આયુર્વેદ શાખા અને જિલ્લા વહીવટી તંત્ર પ્રયત્નશીલ છે.

## ખાનપુર તાલુકાની રંગેલી ભાદરોડ અને કાળી શેલોની ભાદર કેનાલના પાણી ખેતરમાં પ્રવેશતા થયેલ નુકસાનના વળતરની માંગ

મલેકપુર,

ખાનપુર તાલુકાનાં રંગેલી ભાદરોડ અને કાળી શેલો ગામના ખેડૂતો માટે ભાદર ડેમ માંથી આવતી ભાદર મુખ્ય કેનાલ ના પાણી અભિશાપ બન્યા છે કેનાલ છેલ્લા કેટલાય વર્ષોથી સમારકામ વગરની છે જેને લઈને ઠેર ઠેર કેનાલ લીકેજ થાય છે અને આ ત્રણ ગામોની ૧૦૦ હેકટર થી વધુ જમીનમાં પાણી ભરાઈ રહે છે અને જેને લઈને ખેડૂતોના મકાઈ દિવેલા બાજરી ઘવ મગફળી જેવા ઊભા પાકો સડી જવા પામ્યા છે અને આ સમસ્યા આજની નથી વર્ષોથી ખેડૂતો આના માટે રજૂઆતો કરતા આવ્યા પણ એમનું સંભાળનાર કોઈ નથી ચોમસા સીઝન બાદ તેઓ કોઈ પાક લઈ શકતા નથી અને કેનાલ ખાતા વાળા જોઈને જતા રહે છે પણ કોઈ ચોક્કસ કામ કરતા નથી જેને લઈને ખેડૂતોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે અતિશય પાણી ભરાઈ રહેવાના કારણે એમનો મહામૂલો પાક બગડી ગયો છે ત્યારે ખેડૂતો કહી રહ્યા છે કે ભાદર તારા વહેતા પાણી રોકો અમે અમને વળતર આપો

ખાનપુર તાલુકાનાં રંગેલી, ભાદરોડ અને કાળીશેલો ગામના જ્યાંથી ભાદર ડેમ માંથી પસાર થતી ભાદર મુખ્ય કેનાલ કે જે ખાનપુર,લુણાવાડા અને વીરપુર તાલુકાના થઈને ૮ હજાર હેકટર જેમીનમાં ખેડૂતોને ખેતી માટે પિયત કરવા પાણી પૂરું પાડે છે પણ ભાદર ડેમ થી માત્ર ૧૦ કી.મી ના અંતરે આ કેનાલ લીકેજ છે અને કરાનાત્એજ કે કેનાલની યોગ્ય જાળવણી થતી નથી છેલ્લા ક્યારે એને સમારકામ કરાયું હશે તે સ્થાનિક ખેડૂતોને પણ યાદ નથી આ કેનાલ લીકેજ ના કારણે ખાનપુર લીમડીયા ને જોડતા હાઈવે ની બાજુમાં આવેલ ખીણો માં પણ ૩ કી મી સુધી પાણી ભરાઈ રહે છે અને આજુબાજુ આવેલા ખેડૂતોની જમીન માં પણ પાણી ભરાઈ રહે છે. ખેડૂતો ની મહેનત પર પાણી ફરેલી કહેવત અહીંયા સાચી પડે છે ખાનપુર તાલુકાના ત્રણ ગામની થઈને ૧૦૦ એકર થી વધુ ની જમીનમાં કરેલા ઊભા પાકોમાં તેમજ ખાલી જમીન માં પણ પાણી પાણી જોવા મળી રહ્યું છે ખેડૂતો કહે છે કે ભાદર હતા વહેતા પાણી ખેતરોમાં વહેતા રહ્યા જે પાણી થાકી પાક મેળવવાનો હોય તેજ પાણી હવે ખેડૂતોના પાકને બગાડી રહ્યું છે પાક સડી ગયો છે અતિશય પાણી ના કારણે ઉગેલા પાકમાં સડો થઈ ગયો અને ખેડૂતોની મહેનત એળે ગઈ ખેડુતો જણાવે છે કે હવે આમાંથી શું મેળવવાનું ખેડૂતોએ મકાઈ,બાજરી, ઘવ અને મગફળી જેવા પાકો કર્યા છે તે મહેનત અને ખર્ચ હવે તેમને માથે પડ્યા છે ત્યારે ખેડૂતો હવે વળતર ની માંગણી કરી રહ્યા છે

## જીટીયુના ૩૫૨ વિદ્યાર્થીઓના પરિણામ રદ,હવે એક વર્ષ સુધી પરીક્ષા નહીં આપી શકે

અમદાવાદ,

વર્ષ ૨૦૨૩-૨૪ દરમ્યાન જીટીયુ દ્વારા સમયાંતરે પરીક્ષાઓ લેવામાં આવતી હોય છે. પરીક્ષામાં ઘણા વિદ્યાર્થીઓ ગેરરીતી કરતા પકડાતા હોય છે. ચાલુ વર્ષે જીટીયુનાં કુલ ૩૫૨ વિદ્યાર્થીઓનાં પરિણામ રદ્દ કરાયા છે. વિવિધ પ્રકારે ચોરી કરતા પકડાયેલા કુલ ૩૫૨ વિદ્યાર્થીઓને લેવલ ૧ થી ૬ લેવલની સજા કરવામાં આવી છે. જ્યારે ૧૦ વિદ્યાર્થીઓને નો પેનલ્ટી હેઠળ કોઈ પણ પ્રકારની સજા કરાઈ નથી.

જીટીયુ સંલગ્ન ડિપ્લોમાં ડિગ્રી, ઈજનેરી, ડિપ્લોમાં ફાર્મસી, એમબીએ, એમસીએ સહિતની વિવિધ વિદ્યાશાખાની કુલ ૪૦૦ થી વધુ કોલેજોનાં વિદ્યાર્થીઓની વર્ષ ૨૦૨૩-૨૪ દરમ્યાન રેગ્યુલર અને રિપીટર પરીક્ષા લેવામાં આવી હતી. જે અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા, ભાવનગરમાં પરીક્ષા યોજાઈ હતી. આ પરીક્ષામાં ચોરી કરતા પકડાયેલા વિદ્યાર્થીઓની સુનાવણી તા. ૧૫,૧૬,૧૭ ફેબ્રુઆરીનાં રોજ હાથ ધરવામાં આવી હતી.

જીટીયુની પરીક્ષા દરમ્યાન વર્ગખંડમાં ફોન લઈ જવા પર પણ પ્રતિબંધ ફરમાવવામાં આવેલ હોય છે. ત્યારે વર્ગખંડમાં હાથે લખેલી કાપલીની મદદથી વિદ્યાર્થીઓએ ચોરી કચરા પકડાયા, તો કેટલાક વિદ્યાર્થીઓ પરીક્ષા સમયે વર્ગખંડમાં જવાબવહીમાંથી કોપી કરવાનો પ્રયાસ કર્યો, નવાઈની વાત તો એ છે કે પરીક્ષા સમયે વર્ગખંડમાં મોબાઈલ લઈ જવાની મનાઈ ફરમાવી હોવા છતાં પરીક્ષાર્થી મોબાઈલ લઈ જતા પકડાયા જેઓને શિક્ષાનાં ભાગરૂપે કડક કાર્યવાહી કરવામાં આવી છે.

## અયોધ્યાના દર્શન માટે ગયેલા ત્રીજા ગુજરાતીનું મોત, ચાલુ ટ્રેનમાં હાર્ટ એટેક આવ્યો

વડોદરા,

અયોધ્યામાં નવનિર્મિત રામ મંદિરના દર્શને જઈ રહેલા ગુજરાતીઓના મોતનો સિલસિલો અટકવાનું નામ નથી લઈ રહ્યો. વધુ એક રામભક્તનું રામલલ્લાના દર્શનથી પરત ફરતા સમયે મોત થયું છે. અયોધ્યામાં રામલ્લલાના દર્શન કરી પરત ફરતા વડોદરાના મજાતન ગામના રામભક્તને ચાલુ ટ્રેનમાં હાર્ટ એટેક આવ્યો હતો, તેઓ ટ્રેનમાં જ ઢળી પડ્યા. સારવાર મળે તે પહેલા જ અંતિમ શ્વાસ લીધાવડોદરાના પાદરા તાલુકાના મજાતન ગામના રહેવાસી અને રામભક્ત અશોકભાઈ પુંજાભાઈ પરમાર રામ મંદિરના દર્શન માટે અયોધ્યા ગયા હતા. તેઓ દર્શન કરીને ટ્રેનમાં પરત ફરી રહ્યા હતા. ત્યારે મધ્યપ્રદેશના જબલપુર નજીક વહેલી સવારે અચાકન તેમની છાતીમાં દુખાવો ઉપડ્યો હતો અને તેઓ ટ્રેનમાં જ ઢળી પડ્યા હતા. ચાલુ ટ્રેનમાં આવેલા હાર્ટ એટેકથી અશોકભાઈનું મોત નિપજ્યુ હતું.

રામભક્તના મોતથી તેમની સાથે ગયેલા ભક્તોમાં શોકનું મોજુ પ્રસરી ગયુ હતું. તાત્કાલિક પાદરા રહેતા તેમના પરિવારજનોને આ વિશે જાણ કરાઈ હતી. જેથી તેમનો પરિવાર મૃતદેહને લેવા માટે જબલપુરની સરકારી હોસ્પિટલ પહોંચ્યો હતો. તેમના મૃતદેહને વતન મજાતન લાવીને તેમના અંતિમ સંસ્કાર કરાશે.

ઉલ્લેખનીય છે કે, રામભક્તોના મોતનો સિલસિલો ચાલુ જ છે. ૧૫ દિવસ પહેલા આસ્થા ટ્રેનથી અયોધ્યા જતા વડોદરાના ભાવિકને ચાલુ ટ્રેનમાં હાર્ટ એટેક આવ્યો હતો. વડોદરાના રમણભાઈ પાટણવાડીયાનું હાર્ટ એટેક આવતા મોત નિપજ્યું હતું. તેઓ ગત રોજ વડોદરાથી આસ્થા ટ્રેન મારફતે શહેરના ભક્તો સાથે અયોધ્યા જવા નીકળ્યા હતા. ત્યારે મધ્યપ્રદેશના ખંડવા સ્ટેશન પાસે રમણભાઈને હાર્ટ એટેક આવ્ય હતો.

દિયોદરના નોખા ગામના રામ ભક્ત ગોરધનભાઈ ઠાકોરનું અયોધ્યામાં હાર્ટએટેકથી નિધન થયું છે. અયોધ્યા રામ મંદિરમાં પહોંચી મંદિરમાં દર્શન કરી પરત આવતા હતા તે દરમિયાન ગોરધનભાઈને હાર્ટ એટેક આવ્યો હતો. હાર્ટ અટેકથી ઢળી પડતાં તેમને તાત્કાલિક હોસ્પિટલમાં લઈ જવાયા હતા. જ્યાં ફરજ પરના ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા.

## આપની આજ.......

મેષઃ નવા સંબંધોમાં સ્થિરતા રહેશે. રાજકીય અને સામાજિક ક્ષેત્રમાં પણ સારી સફળતા મળી શકે છે, પ્રયત્નશીલ રહેજો. માનસિક તણાવ અને ભ્રમના કારણે વ્યવસાયિક દૈનિક કાર્યોમાં અડચણ તથા મુસાફરીમાં અવરોધ ઉભા થઈ શકે છે. લવ લાઈફની સાથે આનંદમય સમય વિતાવી શકશો.

વૃષભઃ વિદ્યાર્થીઓએ શિક્ષણ ક્ષેત્રમાં કેટલીક મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. સંતાનના વિવાહનો પ્રસંગ પ્રબળ થઈને ફાઈનલ થઈ શકે છે. રચનાત્મક કાર્યોમાં તમારી રૂચિ વધશે.

મિથુનઃ વેપારમાં ભાગીદારો તથા જીવનસાથી પાસેથી પણ પૂર્ણ સહયોગ મળશે. જૂનુ દેવુ હશે તો તેમાં ઘટાડો થઈ શકે છે. માતાની સાથે કેટલાંક વૈચારિક મતભેદ થઈ શકે છે.

કર્કઃ આજનો દિવસ મધ્યમ ફળદાયી રહેશે. ઘર-પરિવારના વૃદ્ધજનો સાથે ચર્ચામાં ના પડતા. તેઓની સલાહ પણ સાંભળજો, સલાહ ઉપયોગી સાબિત થઈ શકે છે. ઘરના કોઈ સભ્યના સ્વાસ્થ્યને લઈને દોડધામ કરવી પડી શકે છે.

સિંહઃ તમારી આસપાસ ખુશીભર્યો માહોલ બનાવવાનો પ્રયાસ કરજો. લવ લાઈફમાં તમારા સન્માનમાં વધારો થઈ શકે છે. સંબંધીઓ સાથે સંબંધોમાં સુધારો આવી શકે છે.

કન્યાઃ આજનો દિવસ તમારા માટે મહાપુરૂષો સાથે મેળ ખાઈ રહ્યો છે. નવા કાર્યોમાં કાયદાકીય અને તકનીકી પાસાઓ પર ગંભીરતા પૂર્વક વિચાર કર્યા પછી જ કોઈ નિર્ણય લેજો.

તુલાઃ આજે તમે તમારી નજીકના લોકો અને અન્ય લોકોની ભાવનાઓને ઓળખજો અને તેમના જણાવ્યા અનુસાર ચાલવાનો પ્રયાસ કરશો તો તમને આત્મસંતોષ મળશે. ક્યારેક બીજા લોકોની વાત સાંભળવાથી નુકસાન નહીં થાય.

વૃશ્ચિકઃ બહેન કે ભાઈના વિવાહ સંબંધિત ચર્ચા ઘરમાં થઈ શકે છે. જૂના મિત્રો કે સંબંધીઓ અચાનક તમારી પાસે આવીને ઊભા રહી જશે. જો કોઈ તમારી પાસે ઉધાર માંગે તો ક્યારેય આપતા નહીં.

ધનઃ આજનો દિવસ મિક્સ ફળદાયી છે. તમે તમારી જૂની જવાબદારીઓમાંથી છૂટકારો મેળવી શકો છો. વિદ્યાર્થીઓને એકાગ્રતા સાથે કાર્ય કરવાની જરૂર પડી શકે છે.

મકરઃ બચત યોજનાઓમાં રોકાણ કરવા માટે આ સારો સમય છે, પરંતુ બિનજરૂરી ખર્ચાથી સાવધાન રહેજો. તમારા પિતાના સ્વાસ્થ્યનુ સંપૂર્ણ ધ્યાન રાખજો. કોઈ અધિકારીની મદદથી સંપતિ પ્રાપ્ત થઈ શકે છે.

કુંભઃ વેપારની સ્થિતિઓ સારી બનતી જોવા મળશે અને તમારા હરીફને તમે પાછળ છોડી શકો છો. દિવસના બીજા ભાગમાં શુભ ખર્ચ તમારી ખ્યાતિમાં વધારો કરવાનું પરિબળ બની શકે છે. પુણ્યના કામોમાં પણ ખર્ચ થઈ શકે છે.

મીનઃ આજનો દિવસ તમારા માટે ખુશીઓથી ભરેલો રહેશે. બિઝનેસ મામલે પિતા કે પછી કોઈ જાણકાર વ્યક્તિની સલા લેવાની જરૂર પડી શકે છે. દિવસના બીજા ભાગમાં મહિલા મિત્રોની સાથે સમય પસાર થઈ શકે છે.

## યુપીમાં યોજાયેલી રાજ્યસભાની ચૂંટણીમાં કેટલાક સમાજવાદી ધારાસભ્યોએ ક્રોસ વોટિંગ કર્યું

લખનૌ,

યુપીમાં યોજાયેલી રાજ્યસભાની ચૂંટણીમાં કેટલાક સમાજવાદી ધારાસભ્યોએ ક્રોસ વોટિંગ કર્યું હતું, જેના માટે સપા સાંસદ ડિમ્પલ યાદવે નામ લીધા વગર નિશાન સાધ્યું છે. સપા સાંસદ ડિમ્પલ યાદવે તેના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર લખ્યું છે કે લોકોએ સમયના ચક્રની રાહ જોવી જોઈએ.

સપા સાંસદ ડિમ્પલ યાદવે એકસ પર પોસ્ટ કરીને લખ્યું - "જે લોકોએ સમાજને અનૈતિકતાનો પાઠ ભણાવ્યો છે તેઓ એવા છે જેમની પાસે કોઈ ગરિમા અને આદર્શ નથી. તેઓએ સમયના ચક્રની રાહ જોવી જોઈએ અને જનતાના નિર્ણયની રાહ જોવી જોઈએ." તે જ સમયે, રાજ્યસભા ચૂંટણીમાં મતદાન કરવા આવેલા સપા પ્રમુખ અખિલેશ યાદવે ભાજપ પર જોરદાર નિશાન સાધ્યું હતું. સપા વડાએ કહ્યું હતું કે જે લોકો બીજા માટે ખાડો ખોદે છે તે પોતે તેમાં પડે છે.દરમિયાન સમાજવાદી પાર્ટીના નેતા અને ઉત્તર પ્રદેશના પૂર્વ સીએમ અખિલેશ યાદવે રાજ્યસભાની ૧૦ બેઠકો પર મતદાન દરમિયાન બે તસવીરો શેર કરી છે. તેમણે આ સંદર્ભમાં એક પોસ્ટ પણ લખી છે, જે સપા છોડીને આવેલા ધારાસભ્યો વિરુદ્ધ હોવાનું માનવામાં આવે છે.એસપી ચીફે તસવીરો શેર કરી અને સોશિયલ મીડિયા એકાઉન્ટ ઠ પર એક પોસ્ટ લખી. તેમણે લખ્યું - અમારી ત્રીજી રાજ્યસભા બેઠક ખરેખર સાચા સાથીઓને ઓળખવાની અને હૃદયથી પીડીએ સાથે કોણ છે અને અંતરાત્માથી પછાત, દલિતો અને લઘુમતીઓની વિરુદ્ધ કોણ છે તે જાણવાની પરીક્ષા હતી. હવે બધું સ્પષ્ટ છે, આ ત્રીજી સીટની જીત છે.અગાઉ, પાર્ટીના વડા અખિલેશ યાદવે મંગળવારે કહ્યું હતું કે જેઓ 'લાભ' ઈચ્છે છે તેઓ છોડી દેશે અને સત્તારૂઢ ભારતીય જનતા પાર્ટી પર ચૂંટણી જીતવા માટે તમામ યુક્તિઓ અપનાવવાનો આરોપ મૂક્યો હતો. વોટિંગ માટે વિધાનસભા પહોંચેલા યાદવને પત્રકારોએ બોલાવેલી બેઠકમાં પાર્ટીના ધારાસભ્યોની ગેરહાજરી અંગે પૂછવામાં આવ્યું ત્યારે તેમણે કહ્યું, 'જેને સત્તાનો ફાયદો થશે તે છોડી જશે. જેમને વચન આપવામાં આવ્યું હતું તેઓ જશે.ભાજપ પર નિશાન સાધતા તેમણે કહ્યું, 'જે લોકો કોઈના માર્ગમાં ખીલા નાખે છે અથવા બીજા માટે ખાડા ખોદે છે, તેઓ પોતે જ પડી જાય છે.'

તેમણે કહ્યું, 'ચંદીગઢમાં સીસીટીવી કેમેરાની સામે શું થયું તે તમે જોયું છે. હું સુપ્રીમ કોર્ટનો આભાર માનું છું જેણે બંધારણને બચાવ્યું. ભાજપ ચૂંટણી જીતવા માટે તમામ રણનીતિ અપનાવી શકે છે. તેમણે કેટલાક 'લાભ' માટે (કેટલાક ધારાસભ્યોને) ખાતરી આપી હશે. રાજ્યસભાની ચૂંટણી માટે મતદાનના એક દિવસ પહેલા સોમવારે પાર્ટીના વડા અખિલેશ યાદવ દ્વારા બોલાવવામાં આવેલી બેઠકમાં એસપીના આઠ ધારાસભ્યોએ હાજરી આપી ન હતી.

આ પહેલા મંગળવારે યુપીની ૧૦ રાજ્યસભા સીટો માટે મતદાન શરૂ થતા જ સમાજવાદી પાર્ટીમાં નાસભાગ મચી ગઈ હતી. પાર્ટીના મુખ્ય દંડક અને ઉંચાહરના ધારાસભ્ય મનોજ પાંડેએ તેમના પદ પરથી રાજીનામું આપી દીધું છે. આ સિવાય સપાના અન્ય ચાર ધારાસભ્યોએ પણ જય શ્રી રામના નારા સાથે ક્રોસ વોટિંગ કર્યું હતું. સપા પ્રમુખ અખિલેશ યાદવ માટે આ સ્થિતિ સામાન્ય નહોતી. તેમણે પોતે સ્વીકાર્યું કે પાર્ટીના કેટલાક ધારાસભ્યોએ ક્રોસ વોટિંગ કર્યું છે અને હવે તેમની સામે મોટી કાર્યવાહી કરવામાં આવશે.

યુપીમાં રાજ્યસભાની ૧૦ બેઠકોમાંથી ૮ ઉમેદવારો ભાજપ અને ૩ સમાજવાદી પાર્ટી તરફથી મેદાનમાં હતા. આ પણ એક સંકેત છે કે સપાનો ત્રીજો ઉમેદવાર જીતી રહ્યો નથી. આ એટલા માટે છે કારણ કે ૮ જીઁ ધારાસભ્યોએ ક્રોસ વોટિંગ કર્યું હતું, જેમાં રાકેશ પાંડે, રાકેશ પ્રતાપ સિંહ, અભય સિંહ, વિનોદ ચતુર્વેદી, મનોજ પાંડે, મહારાજી દેવી (ગેરહાજર), પૂજા પાલ (દ્રઢછ માટે મત આપ્યો હતો), આશુતોષ મૌર્ય (ગેરહાજર) હતા.

દરેક સીટ જીતવા માટે ૩૭ ધારાસભ્યોના વોટ જરૂરી છે. યુપી વિધાનસભાની કુલ ૪૦૩ બેઠકોમાંથી ૪ બેઠકો ખાલી છે, એટલે કે કુલ ૩૯૯ ધારાસભ્યો છે. યુપી વિધાનસભામાં રાજકીય પક્ષોના ધારાસભ્યોની સંખ્યાઃ એનડીએ ભાજપ ૨૫૨, અપના દળ- ૧૩, નિષાદ પાર્ટી- ૬, એસબીએસપી- ૬, જનસત્તા દળ- ૨, આરએલડી- ૯ ભારતઃ સમાજવાદી પાર્ટી- ૧૦૮, કોંગ્રેસ- ૨ અન્યઃ બીએસપી-૧ છે ખાલી જગ્યાઃ ૪ કુલ ૩૯૫ મત પડ્યા છે.

ભાજપઃ સુધાંશુ ત્રિવેદી, આરપીએન સિંહ, અમરપાલ મૌર્ય, તેજપાલ સિંહ, નવીન જૈન, સાધના સિંહ, સંગીતા બળવંત અને સંજય સેઠ. સમાજવાદી પાર્ટીઃ આમાં જયા બચ્ચન, આલોક રંજન અને રામજી લાલ સુમનનો સમાવેશ થાય છે. ઓમ પ્રકાશ રાજભરની પાર્ટીના નેતા જગદીશ નારાયણ રાયે ક્રોસ વોટિંગ વખતે સપાને મત આપ્યો હતો, જે રદ કરવામાં આવ્યો છે. રાજ્યસભાની ચૂંટણીની મતગણતરી શરૂ થઈ ગઈ છે.

રાજ્યસભાની ચૂંટણીના મતદાન વચ્ચે શિવપાલ સિંહ યાદવે કહ્યું કે, હવે અંતરાત્માની સાથે વિસ્તારના લોકો દ્વારા સમગ્ર આત્માની તપાસ કરવામાં આવશે જેથી આવી ભટકતી આત્માઓ હંમેશા માટે શાંત થઈ જાય. એનડીએના ઉમેદવારને મત આપનારા બળવાખોર એસપી ધારાસભ્યોમાં રાકેશ પાંડે, રાકેશ પ્રતાપ સિંહ, અભય સિંહ, વિનોદ ચતુર્વેદી, મનોજ પાંડે, મહારાજી દેવી (ગેરહાજર), પૂજા પાલ અને આશુતોષ મૌર્યનો સમાવેશ થાય છે.રાજ્યસભાની ચૂંટણીમાં સમાજવાદી પાર્ટીને મોટી રાહત મળી છે અને પલ્લવી પટેલે સપાના ઉમેદવારની તરફેણમાં મતદાન કર્યું છે. તેમણે પોતે મતદાન કર્યા બાદ આ માહિતી આપી હતી અને કહ્યું હતું કે તેમણે પીડીએની તરફેણમાં મતદાન કર્યું છે. તમને જણાવી દઈએ કે આ પહેલા અખિલેશ યાદવ અને પલ્લવી પટેલ વચ્ચે નારાજગી અને વાદ-વિવાદની વાત થઈ હતી.

# દાહોદ નવજીવન સાયન્સ કોલેજ એન.એસ.એસ-૧ અને ૨ દ્વારા સપ્ત દિવસીય સ્વચ્છતાં જનજાગૃતિ ગ્રામ શિબિરનુ આયોજન કર્યુ

દાહોદ, નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ એન.એસ.એસ. એકમ ૧ અને ૨ ની સપ્ત દિવસીય 'સ્વચ્છતા – જનજાગૃતિ ગ્રામ શિબિર' નો ઉદ્દઘાટન સમારોહ ડો.આંબેડકર આશ્રમ શાળા, ઉકરડી ખાતે યોજાયો.

દાહોદ, તા.૨૫/૦૨/૨૦૨૪ સોમવાર ના રોજ દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ ના એન.એસ.એસ. એકમ ૧ અને ૨ ની સપ્ત દિવસીય 'સ્વચ્છતા – જનજાગૃતિ ગ્રામ શિબિર' નું આયોજન ડો.આંબેડકર આશ્રમ શાળા, ઉકરડી ખાતે કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમનો ઉદ્દઘાટન સમારોહમાં સમારોહના અદ્યક્ષ અને ઉદ્દઘાટકશ્રી તરીકે શ્રી. ધમુભાઈ પંચાલ, જીલ્લા કો.ઓર્ડીનેટર, દાહોદ( અંગદાન જાગૃતિ અભિયાન), પ્રેરક ઉપસ્થિત એવા ડો.આંબેડકર આશ્રમ શાળા, ઉકરડી ના આચાર્ય શ્રી.રામસિંગભાઈ સોલંકી, નવજીવન સાયન્સ કોલેજ ના કાર્યકારી આચાર્ય ડો.જી.જે.ખરાદી, કોલેજના સ્ટાફ સભ્યો, આશ્રમ શાળાના સ્ટાફ સભ્યો, આશ્રમ શાળાના બાળકો અને એન.એસ.એસ. ના સ્વયંસેવકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અદયક્ષ દ્વારા સ્વયંસેવકો ને રાષ્ટ્ર માટેના ઉમદા કાર્યો, સમાજ સેવા અને યુવા વિદ્યાર્થીઓનું રાષ્ટ્ર માટે યોગદાન ની માહિતી આપી સ્વયંસેવકોને પ્રોત્સાહન પુરું પાડવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડો.શ્રેયસ પટેલ અને પ્રોગ્રામ ઓફિસર શ્રી.નીલ પટેલ ના માર્ગદર્શન હેઠળ સ્વયંસેવકો દ્વારા કરવામાં આવ્યું હતું.

# સંજેલી તાલુકામાં સંકલિત બાળ વિકાસ કચેરીમાં લાખોનો ગોટાળા




**તપેલું નંગ ૧,કડાઈ નંગ ૧ ગ્લાસ નંગ ૧૦ કુકર નંગ ૧ થાળીઓ નંગ ૬ ચમચો ૧ ભાતિયા. વાસણોના ૪,૨૭,૪૦૦ની રકમ સામે ૧,૬૪,૦૦૦ની ખરીદી બાકીની રકમ ઉચાપત**

સંજેલી, પોષણ સુધા યોજનામાં સગર્ભા અને ધાત્રી માતાઓમાં પાંડુરોગ તેમજ તેઓની પોષણ સ્થિતિમાં અને પ્રસ્તુતિના પરિણામોમાં સુધારા લાવવા માટે આ યોજના અમલમાં મૂકવામાં આવી છે.

ત્યારે આંગણવાડી કેન્દ્રમાં પોષણ સુધા યોજનામાં સગર્ભા,ધાત્રી માતાઓને ભોજન જમવા માટે વાસણોની સમસ્યાને લઈ ભારે મુશ્કેલી પડતી હોવાને લઈ અનેક રજૂઆતો કરાઈ હતી ત્યારે સરકાર દ્વારા આંગણવાડી બહેનોના ખાતામાં પોષણ સુધા યોજનાના વાસણોની ખરીદી માટે રકમ ફાળવવામાં આવી હતી જેમાં પોષણ સુધા યોજનાના વાસણોની ખરીદી માટે ૪,૨૭,૪૦૦ જેટલી રકમ મંજૂર કરવામાં આવી હતી જેમાં સંજેલી તાલુકામાં ૧૩૭ જેટલા આંગણવાડી કેન્દ્રો આવેલા છે પોષણ સુધા યોજનામાં સગર્ભા,ધાત્રી માતાઓ માટે ભોજન બનાવી જમાડવા માટે વાસણો ખરીદી કરવા માટે આંગણવાડી વર્કર બહેનોના ખાતામાં કેન્દ્રદિત ૩૧૦૦ જમા થયાં હતા.જે વાસણોની ખરીદી આંગણવાડી વર્કર બહેનોને કરવાની હતી પરંતુ આઈસીડીએસ ના ઈશારે ચાલતા આ કેન્દ્રના બહેનોને ગોળ ગોળ વાત કરી ઉપરથી વાસણો ખરીદવાના છે કહી સુપરવાઈઝર દ્વારા સેજાવાઈ મીટીંગ કરવામાં આવી અને દરેક સેજામાં ઉઘરાણુ કરવા એક બહેનને તૈયાર કરવામાં આવ્યા અને બધા વર્કર બહેનો પાસેથી સરકાર દ્વારા નાખવામાં આવેલી રકમ ૩૧૦૦ કેન્દ્ર દિઠ ઉઘરાવીને સંજેલી આઈસીડીએસ ખાતે જમા કરાવ્યા અને આઈસીડીએસ ના કર્મચારી દ્વારા વાસણોની ખરીદી કરવામાં આવી અને વાસણો કેન્દ્રો વાઈ મોકલી આપવામાં આવ્યા. તપેલું નંગ ૧,કડાઈ નંગ ૧ ગ્લાસ નંગ ૧૦ કુકર નંગ ૧ થાળીઓ નંગ ૬ અને ચમચો ૧ ભાતિયા સહિતનો માલ બાકીની રકમની ઉચાપત કરવામાં આવી એજન્સી અને સુપરવાઈઝરની મિલી ભગતથી ભ્રષ્ટાચાર કરવામાં આવ્યો છે. તંત્ર દ્વારા પગલાં લેવામાં આવશે કે કેમ?વાસણો માટે ૪૨૭,૪૦૦ ની ખરીદી સામે ફક્ત ૧,૬૪ હજારની જ ખરીદી કરવામાં આવી. જવાબદાર અધિકારી દ્વારા આંગણવાડી કેન્દ્ર દીઠ વાસણોની તપાસ કરવામાં આવે તેમજ કઈ એજન્સીમાંથી વાસણોની ખરીદી કરવામાં આવી અને કોને વાસણો ખરીદ્યા તેની તાત્કાલિક કાયદેસર તપાસ કરવામાં આવે તેવી તેવી માંગ ઉઠવા પામી છે. પોષણ સુધા યોજનામાં વાસણોની રકમમાં લાલિયા વાડી સામે આવી બરોબાર રકમ ચાવ કરવામાં આવી છે. કેન્દ્રદિત ૩૧૦૦ ની ખરીદી કરવાને બદલે ફક્ત કેન્દ્ર દીઠ ૧૨૦૦ની જ ખરીદી કરવામાં આવી છે બહેનો દ્વારા અનેકવાર આઈસીડીએસ માં રજૂઆત કરવામાં આવી તેમ છતાં પણ આ બાબતે તંત્ર દ્વારા દયાન આપવામાં ન આવતા રજૂઆત કરનાર બહેનોને ધમકાવવામાં આવતી હોવાનું કેટલાક નારાજ બહેનોએ પોતાનું નામ ન આપવાને લઈ પોષણ સુધા યોજનામાં ગોટાળા વિશે માહિતી આપી હતી આ બાબતે સુપરવાઈઝર સીડીપીઓ સહિત પોષણ સુધા બહેનને પૂછતા અમને ખબર નથી પેલા બેન ને પૂછો કહી ગોળ ગોળ જવાબ આપી એકબીજાને માથે ટોપલુ ચડાવતા હોય તેમ કોઈ યોગ્ય જવાબ આપવામાં આવતો નથી. સુપરવાઈઝર તેમજ સીડીપીઓ પોતાની સત્તાનો દૂર ઉપયોગ કરી હોવાનું જાણવા મળ્યું છે ત્યારે આ બાબતે જિલ્લા કક્ષાએથી આંગણવાડી તેમજ એજન્સીની કાયદેસરની તપાસ કરવામાં આવે તો મસ મોટુ કૌભાંડ બહાર આવે તેમ છે.

શપોષણ સુધા યોજનામાં વાસણો માટે આંગણવાડી દીઠ ૩૧૦૦ જમા થયાં હતા તે રૂપિયા મીટીંગ રાખી બધા બહેનોના ઉઘરાવી આઈસીડીએસ માં વાસણોના પૈસા જમા કરાવ્યા હતા અને અમને વાસણો તકલાદી અને ઓછો મળ્યો.

## સંજેલી તાલુકાના હિરોલા પંચાયતમાં આદિવાસી સમાજ સુધારણાની બેઠક યોજાઈ

સંજેલી, સંજેલી તાલુકાના હિરોલા ગ્રામ પંચાયતમાં આદિવાસી સમાજ દ્વારા રંગલીઘાટી મંદિર આગળ આદિવાસી સમાજ બેસીને કષ્ટભંજન હનુમાનની સાક્ષીમાં સમાજ સુધારાને લઇ મીટીંગ યોજવામાં આવી હતી.જેમાં આદિવાસી સમાજ સીવાય બીજા કોઈ અન્ય સમાજ મા છોકરીના લગ્ન કરવા નહિ, ડી.જે બંધ, અને દારૂ જેવી અન્ય વેસન વસ્તુ બંધ રાખવી, દહેજ મા ૧૫૧૦૦૧ ખર્ચ પેટે, ૩ તોલા સોનુ,૫૦૦ ગ્રામ ચાંદી, ભાગજેડ વર પક્ષથી ૩૦૦૦ કન્યા પક્ષ તરફ થી ૨૫૦૦ રૂપિયા લેવાના રહેસે, વધુમાં અલ્કેશ કટારાએ કહ્યું કે મારી છોકરીનું દહેજ પેટે એક કંકુના ચાંદલે લગ્ન કરાવીશ તેમ વાત કરી હતી હુંમારી છોકરીનું દહેજ પેટે કશું લઈશ નહિ તેમ કહ્યું અને તમે પણ તમારી છોકરીઓનું દહેજ ઓછું લો તેવી અપીલ વડીલો અને આગેવાનો વચ્ચે જણાવ્યું હતું.હિરોલા ગામની પંચ રૂબરૂ મુખ્ય આગેવાનોની રૂબરૂ માજી તાલુકા પંચાયત પ્રમુખ ભુપેન્દ્રભાઈ કાળુભાઈ સંગાડા, પારૂભાઈ દલજીભાઈ કિશોરી, ગીરીશભાઈ સમસુભાઈ બાબુભાઈ, રમસુભાઈ રમણભાઈ ભાભોર, રાજુભાઈ સંગાડા ભુંડાભાઈ અને સંજેલી બીજેબી આદિજાતી મોરચા પ્રમુખ અલ્કેશ કટારા સહિત ગ્રામ જનના વડીલો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## ઝાલોદના ગરાડું ગામેથી ૨૭ હજારના ઈંગ્લીશ દારૂ સાથે એક ઈસમને ઝડપ્યો

ઝાલોદ, ઝાલોદ તાલુકાના ગરાડુ મુકામે પોલીસ પેટ્રોલિંગમા હતી તે દરમ્યાન પોલીસને બાતમી મળેલ હતી કે રાજસ્થાન તરફથી એક ઈસમ ગેરકાયદેસર રીતે દારુ લઈ ગરાડુ બાજુથી નીકળનાર છે. પોલીસને બાતમી મળેલ તે મુજબ એક જ્યુપિટર ગાડી જેની આગળ પાછળ નંબર પ્લેટ લખેલ ન હતી તેને પોલીસ દ્વારા રોકવામાં આવી હતી. પોલીસને તપાસ દરમ્યાન એક થેલા માથી ૨૮૮૦ ની બિયર મળી આવેલ હતી.જેથી પોલીસ દ્વારા જ્યુપિટર ગાડી જેની અંદાજિત કિંમત ૨૫૦૦૦ સાથે ગાડી ચલાવીને લાવનાર એક ઈસમ જેનું નામ સતીષ સુરસીંગ મુનિયા છે તેની અટકાયત કરી હતી અને પોલીસ દ્વારા કુલ ૨૭૮૮૦ નો મુદ્દામાલ જપ્ત કરી આગળની તપાસ હાથ ધરવામાં આવેલ છે.

## ઝાલોદ ખાટવાડા મુખ્ય રોડ પર ગટરની ઉપર તૂટેલી જાળીને લઈ ગંભીર દુર્ઘટનાનો ભય

ઝાલોદ, ઝાલોદ નગરના ખાટવાડા વિસ્તાર તેમજ આંબેડકર ચોક થી ખાટવાડા જતા મુખ્ય રસ્તા પર એક ગટર લાઈન આવેલ છે. આ ગટર લાઈન ને સાફ સફાઈ કરવા નગરપાલિકા દ્વારા આ ખુલ્લી ગટરની ઉપર એક જાળી મુકવામાં આવેલ છે. આ જાળી કેટલાક સમયથી તુટી ગયેલ છે અને ગટરની અંદર બેસી ગયેલ છે. આ ખાટવાડા વિસ્તાર ટ્રાફિક થી ધમધમતો વિસ્તાર છે જેથી આ તુટી ગયેલ જાળીની ઉપર થી જો વધુ અવર જવર કે ભારી વાહન નીકળે તો આ જાળી તૂટી જાય અને કોઈ વાહન ફસાઈ જાય તેવું સ્પષ્ટ જોવા મળે છે. આ તૂટી ગયેલ જાળીને લઈ કોઈ દુર્ઘટના સર્જાય તે પહેલા નગરપાલિકા સત્વરે આ તૂટી ગયેલ જાળીની જગ્યાએ તાત્કાલિક નવી જાળી બેસાડે જેથી કોઈ દુર્ઘટના ન સર્જાય. આ તુટી ગયેલ જાળીને લઈ અહીંથી નીકળતા દરેક વાહન ચાલકોને ભારે તકલીફનો સામનો કરવો પડે છે. જેથી નગરપાલિકા સત્વરે આ તુટી ગયેલ જાળીની જગ્યાએ નવી જાળી બેસાડે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

# દાહોદ જિલ્લામાં બે અલગ અલગ સ્થળે રેઈડ કરી ૧ લાખ ઉપરાંતનો ઈંગ્લીશ દારૂ સાથે બે ઈસમોને ઝડપ્યા

દાહોદ, દાહોદ જિલ્લામાં પોલીસે બે જુદા જુદા સ્થળોએ બે પ્રોહી રેડ પાડી કુલ રૂા.૧,૦૩,૭૦૦ના પ્રોહી જથ્થા સાથે એક ફોર વ્હીલર ગાડી તેમજ એક મોટરસાઈકલ કબજે કર્યાનું જ્યારે બે બનાવમાં પોલીસે બે ઈસમોને ઝડપી પાડ્યા અને બે ઈસમો પોલીસને ચકમો આપી ફરાર થઈ ગયાંનું જાણવા મળે છે.

પ્રોહીનો પ્રથમ બનાવ દાહોદ તાલુકાના ખંગેલા ગામે બનવા પામ્યો હતો જેમાં ગત તા.૨૬મી ફેબ્રુઆરીના રોજ પોલીસને મળેલ બાતમીના આધારે ખંગેલા ગામે ચેકપોસ્ટ પર નાકાબંધી કરી આવતાં જતાં તમામ નાના મોટા વાહનોની તલાસી હાથ ધરતાં હતાં તે સમયે ત્યાંથી બાતમીમાં દર્શાવેલ એક ફોર વ્હીલર ગાડી પસાર થતાં પોલીસ સાબદી બની હતી અને ફોર વ્હીલર ગાડી નજીક આવતાંની સાથે તેને રોકી ગાડીમાં સવાર બે ઈસમોને તેઓનું નામ પુછતાં એકે પોતાનું નામ સંજયભાઈ રમેશભાઈ રાવત તથા બીજાએ પોતાનું નામ ભારતભાઈ રાયસીંગભાઈ ચૌહાણ (બંન્ને રહે. કુણઘા બાજીપુરા અને કાલીયાકુવા ફળિયા, તા.લીમખેડા, જિ.દાહોદ) જણાવ્યું હતું. પોલીસે તેઓની ફોર વ્હીલર ગાડીની તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂ તથા બીયરની કુલ બોટલો નંગ.૩૧૨ કિંમત રૂા.૩૮,૮૮૦ના પ્રોહી જથ્થા સાથે ફોર વ્હીલર ગાડીની કિંમત મળી પોલીસે કુલ રૂા.૩,૩૮,૮૮૦ના મુદ્દામાલ સાથે ઉપરોક્ત બંન્ને ઈસમોની પોલીસે અકાયત કરી પુછપરછ કરતાં આ પ્રોહી જથ્થો મધ્યપ્રદેશના એક ઈસમે ભરી આપ્યો હોવાનું જણાવતાં આ સંબંધે કતવારા પોલીસે પ્રોહીબીશનનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રોહીનો બીજો બનાવ ફતેપુરા તાલુકાના હિન્દોલીયા ગામે બનવા પામ્યો હતો જેમાં ગત તા.૨૬મી ફેબ્રુઆરીના રોજ પોલીસને મળેલ બાતમીના આધારે હિન્દોલીયા ગામે પાણીના ટાંકા પાસે નાકાબંધી કરી આવતાં જતાં તમામ નાના મોટા વાહનોની તલાસી હાથ ધરતાં હતાં તે સમયે ત્યાંથી બાતમીમાં દર્શાવેલ એક મોટરસાઈકલનો ચાલક પસાર થતાં પોલીસને દુરથી જોઈ મોટરસાઈકલના ચાલકે પોતાના કબજાની મોટરસાઈકલ અને થેલાઓ સ્થળ પર મુકી નાસી જતાં પોલીસે મોટરસાઈકલ પાસે જઈ થેલાઓની તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂની કુલ બોટલો નંગ.૪૬૯ કિંમત રૂા.૬૪,૮૨૦ના પ્રોહી જથ્થા સાથે પોલીસે મોટરસાઈકલની કિંમત મળી કુલ રૂા.૧,૩૯,૮૨૦નો મુદ્દામાલ કબજે કરી આ સંબંધે સુખસર પોલીસે પ્રોહીબીશનનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# પશ્ચિમ રેલવેના જનરલ મેનેજરની દાહોદની ઉડતી મુલાકાતે, રેલવે પ્રોડક્શન યુનિટનું નિરીક્ષણ કર્યુ

## જનરલ મેનેજરે રેલ્વે પ્રોડક્શન યુનિટની મુલાકાત લઈ અધિકારીઓથી તાગ મેળવ્યો

દાહોદ, દાહોદમાં ગતરોજ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ૩૮.૮ કરોડનાં ખર્ચે અમૃત ભારત સ્ટેશન યોજનાનુ વર્ચ્યૂલી શિલાન્યાસ તેમજ લોકાર્પણ કર્યો હતો. ત્યારબાદ બપોરનાં સમયે નાગદાથી પોતાના સલૂન મારફતે દાહોદ આવવા નિકળેલા પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર અશોકકુમાર મિશ્રા બપોરનાં સાડા ત્રણ વાગ્યાના અરસામાં દાહોદ ખાતે આવ્યાં હતાં. જ્યા રેલવેના ઉચ્ચ અધિકારીઓએ તેમનું સ્વાગત કર્યુ હતું. ત્યારબાદ જીએમનો કાફલો સીધો જ રેલ્વે પ્રોડક્શન યુનિટ ખાતે પહોચ્યો હતો. જ્યાં પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર અશોકકુમાર મિશ્રએ ઉપસ્થિત અધિકારીઓ જોડે રેલ્વે કારખાનામાં ચાલી રહેલા કામોનુ નિરીક્ષણ કરી રીવ્યુ લીધા હતાં. અત્રે ઉલ્લેખનીય છે કે વડાપ્રધાનના મહત્વપૂર્ણ પ્રોજેક્ટ રેલવે કારખાનાને ઝડપથી પૂર્ણ કરી શરૂ કરવા માટે સિમેન્સ કંપની તેમજ રેલવેના ઉચ્ચ અધિકારીઓ યુદ્ધના ધોરણે જોડાયેલા છે. જેનાં પગલે નાગદા રેલ ખંડના દોરા પર આવેલાં જનરલ મેનેજર દાહોદની ઉડતી મુલાકાતે આવ્યાં હતાં.



# દે.બારીઆના અસાયડી ગામે પોરબંદરના કોન્ટ્રાકટર દ્વારા બાંધકામનો કોન્ટ્રાકટ આપનારના સરસામાન અને ઓજારો મળી ૩.૨૬ લાખની ઉચાપત કરી છેતરપિંડી કરતા ફરિયાદ

દાહોદ, દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના મોટી અસાયડી ગામે લેબર કોન્ટ્રાક્ટર તરીકે એક પોરબંદરના એક કોન્ટ્રાકટરને પાણીના ઉંચા આરસીસી ટાંકાનું નવિન બાંધકામ કરવા આપતાં આ બાંધકામ દરમ્યાન પોરબંદરના કોન્ટ્રાકટર દ્વારા બાંધકામનો કોન્ટ્રાક્ટ આપનાર કોન્ટ્રાક્ટરના સરસામાન તેમજ ઓજારો મળી જેની કુલ કિંમત રૂા.૩,૨૬,૦૦૦ના સાધનોની સ્થળ પરથી ઉચાપત કરી પરત નહીં કરી વિશ્વાસઘાત, છેતરપીંડી કરતાં પોલીસમાં ફરિયાદ નોંધાંવવા પામી છે.પોરબંદર જિલ્લાના કુતીયાણા તાલુકામાં મૈયરા ગામે રહેતાં મહેશભાઈ કાંન્તીભાઈ રાઠોડે દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના ગુણા ગામે રહેતાં પ્રવિણકુમાર પાલાભાઈ મારૂ તથા તેમના સહ સાથી પાસેથી દેવગઢ બારીઆ તાલુકાના મોટી અસાયડી ગામે પાણીના ઉંચા આરસીસી ટાંકાનું નવિન બાંધકામ કરવા કામ રાખ્યું હતું. ગત તા.૧૦ અને ૧૧મી જાન્યુઆરીના રોજ આ બાંધકામ દરમ્યાન પ્રવિણકુમાર દ્વારા મહેશભાઈને બાંધકામમાં ઉપયોગ માટે પોતાના સરસામાન, ચીજવસ્તુઓ જેવી કે, મીક્ષર મશીન, પાણીનું ટેન્કર, લોખંડ, સળીયા કાપવાનું ગ્રાઈન્ડર મશીન, લોખંડ, સળીયા સીધા કરવા માટેના લોખંડના ડાંગ, લોખંડની હથોડા, હથોડી, એક લોખંડની ઘણ, સેન્ટીંગ માટેની પ્લેટો વિગેરે સરસામાન, ઓજારો મળી જેની કુલ રૂા.૩,૨૬,૦૦૦નો સરસામાન મહેશભાઈએ પોતે સ્થળ ઉપરથી ઉચાપત કરી લઈ જઈ બે દિવસમાં તમારો તમામ સરસામાન હું પરત આપી દઈશ, તેવુ જણાવી ઉપરોક્ત સરસામાન આફી દેવા માટે પ્રવિણભાઈને પાકો વિશ્વાસ આપી પરંતુ સરસામાન પરત ન કરી વિશ્વાસઘાત, છેતરપીંડી કરતાં આ સંબંધે પ્રવિણકુમાર પાલાભાઈ મારૂએ પીપલોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગરબાડામાં લાખોના ખર્ચે તૈયાર થઈ રહેલ અત્યાધુનિક સ્મશાનની કામગીરી પૂરજોશમાં

દાહોદ, દાહોદ જિલ્લાની ગરબાડા ખરોડ નદી પર આવેલા સાર્વજનિક સ્મશાન પર આધુનિક સુવિધાઓ વાળું સ્ટીલ સ્ટ્રક્ચર પર મોક્ષ ધામ ગરબાડા ગ્રામ પંચાયત દ્વારા બનાવવાનું કામ હાથ ધર્યું છે. આ સ્મશાનમાં ગેટ, ચાર નવીન કેચી પાણીની સુવિધા તેમજ લાકડા મુકવા માટે સ્ટોરેજ રૂમ અને બેસવા માટેની વ્યવસ્થા પણ કરાશે. ગરબાડામાં વર્ષોથી આધુનિક સ્મશાનની જરૂર હતી. જ્યારે પણ ગામમાં કોઈનું મરણ થાય અને સ્મશાનમાં લોકો ભેગા થાય ત્યારે આ મુદ્દા ઉપર ચર્ચા કરાતી હતી પરંતુ તે દિશામાં કોઈ નક્કર કામગીરી કરાતી ન હતી સ્મશાનમાં લાઈટ પાણી બેસવાની



વ્યવસ્થા લાકડા મુકવાની વ્યવસ્થા આવી કોઈ પણ પ્રકારની સુવિધા ન હોવાના કારણે ડાઘું ઓ ને ભારે હલાકીનો સામનો કરવો પડી રહ્યો હતો. છારી ધોવા માટે ટેન્કર મંગાવું પડે છે ઘણીવાર તો અંતિમ ક્રિયા માટે કલાક પહેલા સ્મશાનમાં મૂકવામાં આવેલ લાકડા પણ ચોરાઈ જતા હોય છે જે બાબતની ગામના અમુક ઉત્સાહી યુવાનો દ્વારા ગરબાડા સરપંચને રજૂઆત કરાતા સરપંચ દ્વારા તે દિશામાં કાર્યવાહી કરવામાં આવી હતી અને હાલમાં ગ્રામ પંચાયત અને ત્યારબાદ નગરજનોના સહયોગથી અત્યંત આધુનિક સ્મશાન ની કામગીરીનું ખાતમુરત તારીખ ૨૬મીના કરવામાં આવ્યું હતું જેની હાલ કામગીરી ચાલી રહી છે તે પૂર્ણ જોશમાં જોવા મળી રહી છે હાલમાં જ્યાં સ્મશાન છે ત્યાં ૩૫ બાઈ ૮૦ ફૂટ ના વિસ્તારમાં સ્ટીલના સ્ટ્રક્ચર ઉપર પતરા ના શેડ વાળું અત્યંત આધુનિક સ્મશાન બનાવામાં આવી રહ્યું છે તેમજ સ્મશાન તરફ જવાના મેન રસ્તા ઉપર મોક્ષ ધામ નો ગેટ સ્મશાનમાં ચાર નવીન કેચી તમામ કેચી પર પાણીની સુવિધા તેમજ લાકડા મુકવા માટે સ્ટોરેજ રૂમ બેસવાની વ્યવસ્થા સહિતની તમામ નાની મોટી બાબતોનું દયાન રાખીને આ નવીન સ્મશાનની કામગીરી કરવામાં આવી રહી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.158

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# ગોધરા બામરોલી રોડ વિસ્તારમાં ગેરકાયદેસર દબાણો ઉપર પાલિકાએ બુલડોઝર ફેરવ્યુ

## રોડ સાઈડોમાં કરવામાં આવેલ પાકા દબાણોથી ટ્રાફિક સમસ્યા વિકટ બની હતી





ગોધરા,
ગોધરા શહેરના બામરોલી રોડ વિસ્તારમાં પાલિકા દબાણ શાખાની ટીમ દ્વારા પ્રાંત અધિકારી, મામલતદાર, ચીફ ઓફિસર તેમજ પોલીસ બંદોબસ્ત સાથે ટ્રાફિકને અડચણ રૂપ કાચા પાકા દબાણો દુર કરવામાં આવ્યા.

ગોધરા બી.વી.ગાંધી પેટ્રોલપંપથી બામરોલી રોડ ઉપર ગેરકાયદેસર સરકારી જમીનમાં દબાણો કરવામાં આવતા દિનપ્રતિદિન ટ્રાફિકની સમસ્યા કપરી થતી હોય જેને લઈ પાલિકા દ્વારા આવા દબાણ કર્તાઓ દ્વારા દબાણો દુર કરવામાં નહિ આવતા આજરોજ ગોધરા પ્રાંત અધિકારી, મામલતદાર, ચીફ ઓફિસર, મધ્ય ગુજરાત વીજ કંપનીના કર્મચારીઓ તેમજ પોલીસ બંદોબસ્ત સાથે દબાણો દુર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી અને મુખ્ય રોડ પરના નડતરરૂપ પાકા દબાણો ઓટલા, કમ્પાઉન્ડ વોલ તોડી નાંખવામાં આવી હતી. વોર્ડ નં.-૧૧ના પાલિકા સભ્યના કોમ્પ્લેક્ષના દબાણો ઉપર બુલડોઝર ફેરવવામાં આવ્યા હતા. બામરોલી રોડ ઉપર દબાણોને લઈને ટ્રાફિકની સમસ્યા વધી રહી હતી ત્યારે આજરોજ પાલિકા દબાણ શાખા દ્વારા આવા સરકારી જમીન ઉપર કરવામાં આવેલ દબાણો દુર કરવામાં આવતા સ્થાનિક નગરજનોમાં આનંદ જોવા મળ્યો હતો. જે પ્રમાણે પાલિકા દબાણ શાખા અને વહીવટી તંત્ર દ્વારા બામરોલી રોડ ઉપર ટ્રાફિકને નડતર રૂપ દબાણો દુર કરવામાં આવ્યા છે તે પ્રમાણે ગોધરા શહેરના મુખ્ય માર્ગ ઉપર જયાં ટ્રાફિકની સમસ્યા ગંભીર હોય તેવા વિસ્તારમાં ગેરકાયદેસરના દબાણો દુર કરવામાં આવે તો ટ્રાફિકને લઈ અવાર નવાર થતાં નાના-મોટા અકસ્માતની ઘટનાઓ ટળી શકે છે ત્યારે નગરજનો ઈચ્છી રહ્યા છે કે આવા દબાણો ઉપર પાલિકા તંત્ર અને વહીવટી તંત્ર કાર્યવાહી કરે તે જરૂરી છે.

# પંચમહાલ લોકસભા બેઠક માટે કમલમ ખાતે નિરીક્ષકોની હાજરીમાં સેન્સ પ્રક્રિયા હાથ ધરાતા ઈચ્છુક દાવેદારોની લાંબી કતારો જોવા મળી



ગોધરા,
પંચમહાલ લોકસભા બેઠક માટે ગોધરા કમલમ ખાતે સેન્સ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. ભાજપ દ્વારા સેન્સ પ્રક્રિયામાં પંચમહાલ, મહિસાગર, ઠાસરામાંથી લોકસભા ચુંટણી ઈચ્છુક દાવેદારો ઉમટી પડ્યા હતા.

પંચમહાલ લોકસભા બેઠક માટે ભાજપ દ્વારા ગોધરા કમલમ ખાતે અંકલેશ્વરના ધારાસભ્ય ઈશ્વરભાઈ પટેલ, ડેડીયાવાડાના પુર્વ ધારાસભ્ય મોતીભાઈ વસાવા અને મહિલા મોરચાના પ્રદેશ મહામંત્રી ડો.તૃપ્તિબેન વ્યાસ નિરીક્ષક તરીકે ઉપસ્થિતિમાં સેન્સ પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. જેમાં પંચમહાલ લોકસભા ચુંટણી લડવા માટે કમલમ ખાતે ઈચ્છુક ઉમેદવારોની લાંબી કતારો લાગી હતી. પંચમહાલ બેઠક માટે પંચમહાલ, મહિસાગર, ખેડાના ઠાસરામાંથી ઈચ્છુક ઉમેદવારોએ પોતાની દાવેદારી રજુ કરી હતી. પંચમહાલ લોકસભા બેઠક માટે ભાજપમાં ચુંટણી લડવા માટે ૨૦૧૯માં ૨૦ જેટલા ઉમેદવારોએ દાવેદારી કરી હતી. ત્યારે ૨૦૨૪માં લોકસભા ચુંટણી માટે દાવેદારોની સંખ્યામાં વધારો થવાની શક્યતાઓ જોવાઈ રહી છે.

# હાલોલમાં ભુગર્ભ ગટર લાઈનના ખોદકામમાં કોન્ટ્રાકટર દ્વારા બાળ મજુરો પાસે મજુરી કરાવતા હોય તેવા પુરાવા મળ્યા

હાલોલ,
હાલોલ ખાતે ભુગર્ભ ગટર લાઈનના ખોદકામ માટે કોન્ટ્રાકટર દ્વારા બાળ મજુરી કરાવવામાં આવી હોય તેવો વીડિયો સામે આવ્યો છે ત્યારે બાળ મજુરી કરાવનાર કોન્ટ્રાકટર સામે કાર્યવાહી કરવામાં આવશે ખરી ?

હાલોલમાં ભુગર્ભ ગટર લાઈન માટે ખોદકામ કરવામાં આવી રહ્યુ છે ત્યારે ગટર લાઈનના ખોદકામ માટે કોન્ટ્રાકટર દ્વારા ૧૬ વર્ષના બાળક પાસે બાળ મજુરી કરાવાતી હોય તેવો વીડિયો વાયરલ થયો છે. હાલોલના ગાંધીચોક વિસ્તારમાં ભુગર્ભ ગટરલાઈનના ખોદકામમાં બાળક પાસે મજુરી કરાવવામાં આવી રહી છે ત્યારે બાળક પાસે બાળ મજુરી કરાવતા કોન્ટ્રાકટર સામે કાર્યવાહી કરવામાં આવે તે જરૂરી છે.



# ગોધરા કસ્બાની સર્વે નં.૫૧૪,૫૧૫ પચાવી લેવાના કાવતરાના આરોપી સલીમ યાકુબ હયાતની આગોતરા જામીન અરજી કોર્ટે નામંજુર કરી

ગોધરા,
ગોધરા કસ્બા વિસ્તારની સર્વે નં.૫૧૪ અને ૫૧૫ વાળી બિન વસીયતવાળી જમીન પચાવી પાડવાના કાવતરાના આરોપીઓ પૈકીના એક આરોપી દ્વારા આગોતરા જામીન અરજી કોર્ટમાં મુકવામાં આવી હતી. જેની સુનાવણી પ્રિન્સિપાલ ડિસ્ટ્રિકટ કોર્ટમાં સુનાવણી હાથ ધરતા સરકારી વકીલની દલીલોને ગ્રાહ્ય રાખી આરોપીના જામીન અરજી નામંજુર કરવામાં આવી હતી.

ગોધરા કસ્બાની સર્વે નં.૫૧૪, ૫૧૫ વાળી બિન વસીયતવાળી જમીન પચાવી પાડવા માટે આરોપી દ્વારા કાવતરૂ રચવામાં આવ્યુ હતુ. આરોપીઓ શ્રીપતરાવ દત્રાત્યરાવ મજમુદાર, અસ્લમભાઈ અબ્દુલ સત્તાર જરગાલ, નરેનભાઈ પ્રકાશભાઈ ભટ્ટ, વકીલ મનીશ પંચાલ, યાયમન સાદીક સુલેમાન, દાવલા નિસાર અહેમદ ફિરોજ, હયાત ઈરફાન બિલાલ, કલંદર અ.રઝ્ઝાક અહેમદ સઈદ, હયાત સલીમ યાકુબભાઈ, હયાત કાસીમ અબ્દુલ્લા એ ભેગા મળી શ્રીપતરાવ દત્રાત્યરાવ મજમુદારની બિન વસીયતવાળી જમીનના માલિક મરણ ગયેલ હોય તે જાણવા છતાં જમીન પચાવી પાડવાના આશયથી કાવતરૂ રચી જમીનના માલિકથી નામથી ખોટો માણસ ઉભો કરી રાજય સેવકને ખોટી માહિતી આપી જમીનનો ખોટો દસ્તવેજનો સાચા તરીકે ઉપયોગ કરી ઠગાઈ કરતા આ બાબતે ફરિયાદ નોંધાવવા પામી હતી. આ ગુનાના આરોપી સલીમભાઈ યાકુબભાઈ હયાત એ આગોતરા જામીન મેળવવા માટે અરજી કરી હતી તે જામીન અરજી જિલ્લા પ્રિન્સિપાલ ડિસ્ટ્રિકટ જજ પી.વી.શ્રીવાસ્તવની કોર્ટમાં સુનાવણી હાથ ધરાઈ હતી. સરકારી વકીલ રાકેશ એમ.ઠાકોર દ્વારા વિગતવાર દલીલો રજુ કરતા કોર્ટે દલીલો માન્ય રાખી આરોપી સલીમ યાકુબભાઈ હયાતની આગોતરા જામીન અરજી નામંજુર કરવામાં આવી હતી.

# પંચમહાલ જિલ્લા ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા હાલોલ ખાતે ખાદ્ય પદાર્થોનુ વેચાણ કરતી લારીઓ અને દુકાનો મળી ૬૬ સ્થળે તપાસ કરી

## રજવાડી તથા ભાજી-પાવ શાકના મળી ૪ શંકાસ્પદ નમુના લીધા


4
તા.૦૯/૧૧/૨૦૨૩
ગુરૂવાર
પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

પંચમહાલ જિલ્લા ફૂડ સેફ્ટી વિભાગ સફાળું જાગ્યું... વિવિધ સ્થળોએ ખાદ્ય-પદાર્થોનું ચેકીંગ...

- એકજ નામથી જિલ્લાભરમાં બાન્ચો ખોલી ધૂમ કમાણી કરતા નામાંકિત આઈસ્ક્રીમ પાર્લરો, દૂધની ડેરીઓ તેમજ ચા ની દુકાનોના સેમ્પલ લીધા હશે કે નહીં એવી લોક ચર્ચાઓ...
- ફૂડ એન્ડ સેફ્ટી વિભાગના અધિકારી સાથે ટેલિફોનિક વાત કરતા જાણવા મળ્યું કે, જીલ્લા માંથી વિવિધ સ્થળોએથી સેમ્પલ લેવામાં આવ્યા છે...!!

શું 'ચા' ની દુકાનો ઉપર ચેકીંગ હાથ ધરાશું હશે ?

સમસ્ત ગુજરાત રાજ્ય સહિત પંચમહાલ જિલ્લાના વિવિધ ગામોમાં દરેક ચાર રસ્તાઓ પર એક નામાંકિત એટલે કે રજવાડી "ચા" ની હાટડીઓ ગોઠવાઈ ગઈ છે. જેને લઈને અનેક જીલ્લાઓમાં ફૂડ સેફ્ટી વિભાગ દ્વારા સઘન ચેકીંગ હાથ ધરી વિવિધ સેમ્પલો લેવામાં આવ્યા હતા. જ્યારે પંચમહાલ જિલ્લા ફૂડ સેફ્ટી વિભાગે જિલ્લાના ચોરેને ચૌટે ગોઠવાઈ ગયેલ રજવાડી "ચા" ની દુકાનો પર ચેકીંગ હાથ ધર્યું હતું કે નહીંની વાતો હાલ લોકમુખે સંભળાઈ રહી છે.

થોડા સમય અગાઉ જિલ્લા ફૂડ સેફ્ટી વિભાગ દ્વારા ગોધરા નગરના એક નામાંકિત આઈસ્ક્રીમ સહિત દૂધની વિવિધ વાનગીઓ બનાવતી પેઢી પર તેમજ ગોધરા નગરના મધ્યમાં આવેલ એક દૂધની ડેરી પર રેડ કરી વિવિધ સેમ્પલ લેવામાં આવ્યા હતા. તેમજ અમુક અખાદ્ય પદાર્થોનું નાશ કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ પણ એ બધેઉ લાભકારી આજેપણ બેફામ પણે પોતાની તિજોરીયો ઉભરાવી રહ્યા છે અને ગોધરા GIDCમાં આવેલ પોતાની ફેક્ટરી માંથી લોકોના સ્વાસ્થ્ય સાથે રમત રમવાના ઉત્પાદનો બનાવી રહ્યા હોવાની વાતો નગરમાં ચર્ચાઈ રહી છે.

હાલોલ,
પંચમહાલ જિલ્લા ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા હાલોલમાં કંજરી રોડ, વડોદરા હાઈવે રોડ, બસ સ્ટેશન વિસ્તારમાં ખાણી પીણીની ૬૬ જેટલી લારીઓ તેમજ દુકાનોમાં ચેકિંગ હાથ ધરવામાં આવ્યુ હતુ અને ૪ શંકાસ્પદ નમુના લેવાયા હતા. પંચમહાલ જિલ્લા ખોરાક અને ઔષધ વિભાગ દ્વારા હાલોલ ખાતે ખાદ્ય પદાર્થોનુ વેચાણ કરતી લારીઓ તેમજ દુકાનોમાં ચેકિંગ હાથ ધરવામાં આવ્યુ હતુ. જેમાં કંજરી રોડ, વડોદરા રોડ તેમજ બસ સ્ટેશન વિસ્તારમાં ૬૬ જેટલી ખાણીપીણીની લારીઓ તેમજ દુકાનોમાં ચેકિંગ હાથ ધરવામાં આવ્યુ હતુ. જેમાં રજવાડીયા, ભજીયા પાઉંનુ શાક મળી ૪ શંકાસ્પદ નમુના લેવામાં આવ્યા હતા અને તપાસ માટે મોકલી આપવામાં આવ્યા હતા. ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગના ચેકગિમાં લારીઓ અને દુકાનોમાં વપરાયેલ તેલનુ ટીપીસી ચેક કરવામાં આવ્યુ હતુ. લારીઓ તેમજ દુકાનોમાંથી ૨૬ કિલો બિન આરોગ્યપ્રદ ખાદ્ય ચીજોનો તેમજ નાસ્તા આપવામાં ઉપયોગમાં લેવાતા ન્યુજ પેપર ૮ કિલોનો સ્થળ પર નાશ કરવામાં આવ્યો હતો. જિલ્લા ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા ફુડ સેફટી એકટ રેગ્યુલેશન હેઠળ ફુડ રજીસ્ટ્રેશન મેળવી અને સ્વચ્છતાંનુ શિડયુલ-૪ મુજબ પાલન થતુ ન હોય તેવા ધંધાદારીઓને નોટિસ આપવામાં આવી છે.

# ઘોઘંબા તાલુકાના રાણીપુરા સરકારી સસ્તા અનાજની દુકાન સંચાલકની પાસા હેઠળ ધરપકડ કરી પાલનપુર જેલમાં મોકલવામાં આવ્યા




ઘોઘંબા,
ઘોઘંબા તાલુકાની રાણીપુરા સરકારી પંડિત દિનદયાળ ગ્રાહક ભંડારના સંચાલક દ્વારા જાહેર વિતરણ યોજના આવશ્યક ચીજવસ્તુઓનો પુરવઠો જાળવી રાખવા બાધક પ્રવૃત્તિ અટકાવવા માટે જિલ્લા પુરવઠા અધિકારીની તપાસ દરમિયાન ગેરરિતી ઝડપાઈ હતી. રાણીપુરાની સરકારી સસ્તા અનાજના સંચાલક વિરુદ્ધ કરવામાં આવેલ પાસાની દરખાસ્ત મંજુર થઈ જતાં એલસીબી પોલીસે ઝડપી પાડી પાલનપુર મદયસ્થ જેલમાં મોકલી આપવામાં આવ્યો હતો.

પંચમહાલ જિલ્લા પુરવઠા અધિકારી દ્વારા સરકારી સસ્તા અનાજની દુકાનોના સંચાલકો દ્વારા સરકારી અનાજનો જથ્થો કાર્ડ ધારકોને પુરતા પ્રમાણે નહિ આપી બારોબાર વેચી દેતા હોવાની ફરિયાદના આધારે જિલ્લાના તમામ તાલુકાઓની સરકારી સસ્તા અનાજની દુકાનોમાં આકસ્મિક તપાસ કરી ગેરરિતી ઝડપી પાડવામાં આવી છે ત્યારે જિલ્લા પુરવઠા અધિકારી દ્વારા ઘોઘંબા તાલુકાના રાણીપુરા ગામની સરકારી પંડિત દિનદયાળ ગ્રાહક ભંડાર ઉપર આકસ્મિક ચેકિંગ હાથ ધરતા ગેરરિતી ઝડપાઈ જવા પામી હતી. જેને લઈ રાણીપુરા સરકારી સસ્તા અનાજની દુકાનના સંચાલક કનુભાઈ રેવજીભાઈ રાઠવા વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવી હતી. અને જાહેર આવશ્યક ચીજવસ્તુઓના કાળાબજાર અટકાવવા પુરવઠો જાળવવા માટે રાણીપુરા સરકારી સસ્તા અનાજના સંચાલક વિરુદ્ધમાં પાસાની દરખાસ્ત કરવામાં આવી હતી જે દરખાસ્ત જિલ્લા કલેકટર દ્વારા મંજુર કરવામાં આવતા રાણીપુરા સસ્તા અનાજની દુકાનના સંચાલક કનુભાઈ રેવજીભાઈ રાઠવા આવશ્યક ચીજવસ્તુઓના કાળા બજાર થતાં અટકાવવા અને પુરવઠો જાળવવાની અધિનિયમ ૧૯૮૦ (સને ૧૯૮૦નો ૭મો)ના વેરા કલમ-૩ અને પેટા કલમ-(૨)મુજબ ગોધરા એલસીબી પોલીસે ધરપકડ કરી પાલનપુર મદયસ્થ જેલમાં મોકલી આપવામાં આવ્યો હતો.

# નાગરિકો સાથે કોઈપણ વ્યક્તિ છેતરપિંડી કરશે તો તેને કોઈપણ સંજોગોમાં છોડવામાં આવશે નહી.

ગૃહ રાજય મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યુ છે કે, રાજયના નાગરિકો સાથે કોઈપણ વ્યક્તિ છેતરપિંડી કરશે તો તેને કોઈપણ સંજોગોમાં છોડવામાં આવશે નહી. રાજય સરકારની કલ્યાણકારી યોજનાઓ તથા ભરતી સંદર્ભે કોઈપણ વ્યક્તિ શોર્ટકટ અપનાવીને નકલી અધિકારી બનીને છેતરપિંડી કરે, તો સરકારના તમામ વિભાગો પ્રોએક્ટીવલી અને ગંભીરતાપૂર્વક કામગીરી કરીને કાયદેસર કાર્યવાહી કરે છે.

વિધાનસભા ખાતે જૂનાગઢ જિલ્લામાં નકલી ડી.વાય.એસ.પી. અંગેના પ્રશ્નના પ્રત્યુત્તરમાં મંત્રી શ્રી સંઘવીએ કહ્યું કે, રાજ્યમાં જે નકલી લોકોએ નાગરિકોને છેતરવાનો પ્રયાસ કર્યો છે, એમાં પોલીસે સામેથી પ્રોએક્ટીવલી જાતે જ કેસ કરીને કાર્યવાહી કરી છે. જૂનાગઢ ખાતે નકલી ડી.વાય.એસ.પી. બનીને જે વ્યક્તિએ છેતરપિંડી કરી છે તે વ્યક્તિ ફેમીલી કોર્ટમાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવતો હતો. તેણે નકલી આઈ.કાર્ડ બનાવ્યું હતું અને સરકારને બાતમીદારના આધારે માહિતી મળી હતી. જેને અનુસરતા પોલીસે વોચ ગોઠવીને આ વ્યક્તિને પકડી પાડ્યો છે. આ વ્યક્તિ પાસેથી રોકડ રકમ, કાર, મુદ્દામાલ જપ્ત કરીને ખાતામાંથી રૂા.૧૮ લાખ ફ્રીજ કરી દીધા છે. એટલુ જ નહિ, ભોગ બનનાર લોકોને સામેથી બોલાવીને તેમના નિવેદનો લઈને કાયદેસરની કાર્યવાહી કરી છે. પોલીસ દ્વારા પકડાયેલ મુદ્દામાલ પરત કેવી રીતે કરવામાં આવે છે, તેવા પૂરક પ્રશ્નના પ્રત્યુત્તરમાં મંત્રીશ્રીએ કહ્યું કે, પોલીસ દ્વારા જે મુદ્દામાલ પકડીને જપ્ત કરવામાં આવે છે તે માટે રાજ્ય સરકારે "તેરા તુજકો અર્પણ" કાર્યક્રમ હાથ ધર્યો છે. જે અન્વયે જિલ્લા કક્ષાએ કાર્યક્રમો યોજીને સંબંધિતોને તેમનો મુદ્દામાલ પરત કરવામાં આવે છે. જે ખૂબ જ આશીર્વાદરૂપ પુરવાર થઈ રહ્યો છે, તેમ તેમણે ઉમેર્યું હતું.